# સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી

## SSIP

## ૨૦૧૭-૨૦૨૧

### ફોર ક્રિએશન ઓફ ઈનોવેશન એન્ડ પ્રિઈન્ક્યૂબેશન ઈકોસિસ્ટમ ફોર સ્ટુડન્ટ

### IPIES

શિક્ષણ વિભાગ
(ઉચ્ચતર અને તક્નિકી)
ગુજરાત સરકાર

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ (ઉચ્ચતર અને તક્નિકી)**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૮મી જાન્યુઆરી, ૨૦૧૭**

## પ્રાક્કથન

માનનીય વડાપ્રધાનશ્રીની 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'ની હાકલથી પ્રેરાઈને છેલ્લાં કેટલાંક વર્ષથી ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમથી રાજયના શૈક્ષણિક તંત્રને યુવાન ઉદ્યોગસાહસિકો, સંશોધકો અને નવી પહેલ કરનારા ઉત્સાહીઓની સહાય માટે ઘણા પ્રકલ્પો હાથ ધર્યા છે. માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ યુવાન ઉદ્યોગપતિઓને સહાય કરવા અને પોષવા માટેની ગુજરાત યુનિવર્સિટીમાં તા. ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ યોજવામાં આવેલી રાજયની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ સાથેની ચર્ચાસભા સહિતની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ, ઉદ્યોગસાહસિકતા અને સંશોધન અંગેનાં વિવિધ સ્તરને ચર્ચતી કેટલીય પાયારૂપ સભાઓમાં મુખ્ય મહેમાન તરીકે જાતે હાજરી આપી છે. આ જ પ્રક્રિયાના અનુસંધાનમાં માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા ૨૦૧૬ના ફેબ્રુઆરી મહિનામાં ૫૦ જેટલા યુવાન ઉદ્યોગપતિઓ, સંશોધકો, સ્ટાર્ટઅપ માટે અનુકૂળ વાતાવરણ રચવામાં ભાગીદાર હોય તેવા લોકોને નિમંત્રીને તેમની પાસેથી વિદ્યાર્થી દ્વારા આરંભાતા સ્ટાર્ટઅપ અને સંશોધનની સામે આવતા પડકારો અને તેમાં સરકાર કઈ રીતે મદદરૂપ થઈ શકે તે માટેના વિચારો જાણ્યા હતા. અનેક ઉચ્ચસ્તરીય સભાઓના આયોજન અને ચર્ચાવિચારણાને અંતે વર્ષ ૨૦૧૬ના સપ્ટેમ્બર મહિનામાં યુવાન સંશોધકો અને નવો પ્રારંભ કરનારા સાહસિકોને શિક્ષણ વિભાગના માધ્યમથી સહાયરૂપ થવા માટેની નીતિ કે રૂપરેખા ઘડવા અંગેની ઉચ્ચતર અને તક્નિકી શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ફ્રેમવર્ક કમિટીની રચના કરવામાં આવી. સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૬ના ડીસેમ્બર મહિનામાં એ અંગેના મુસદ્દાને અંતિમ રૂપ આપવામાં આવ્યું.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) સમગ્ર દેશની એક માત્ર એવી નીતિ છે કે જે અત્યંત જરૂરી એવી વિદ્યાર્થીની શોધપરક ક્ષમતાઓને પોષવા અને સહાયભૂત થવા માટેની ઈનોવેશન એન્ડ પ્રિઈન્ક્યૂબેશન ઈકોસિસ્ટમ સપોર્ટ ફોર સ્ટુડન્ટ્સ (IPIES) દ્વારા આબોહવાનું સમગ્ર રાજયમાં નિર્માણ કરશે. એના દ્વારા ગુજરાત રાજયમાં સ્ટાર્ટઅપ માટેનું સાનુકૂળ વાતાવરણ સર્જાશે અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સંશોધનથી પ્રેરિત એક સક્ષમ આબોહવા રચાશે. યુવાન ઉદ્યોગસાહસિકો,

સંશોધકો, નવ્ય પ્રારંભ કરનારા સ્ટાર્ટઅપ્સ, યુનિવર્સિટીઓ, કેળવણીકારો, ઉદ્યોગપતિઓ અને સરકારી અધિકારીઓ સહિતના પાયારૂપ સાનુકૂળ વાતાવરણ રચનારા હિસ્સેદારોના ઘણા વર્ષોના અનુભવને અંતે પ્રાપ્ત થયેલા જ્ઞાનનો આ નીતિ લાભ લઈને સર્વને સંમિલિત કરે છે.

આ નીતિ દ્વારા રાજ્યના ૧૦,૪૦,૦૦૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે, દર વર્ષે ૧૦૦૦ સંશોધકોને સહાય પામશે, પાંચ વર્ષના ગાળામાં દરેક યુનિવર્સિટી માટે તેમજ ઓછામાં ઓછી ૨૦૦ શૈક્ષણિક સંસ્થા માટે પ્રિઈન્ક્યૂબેન સહાયની ક્ષમતા વધારશે, તથા આવતા પાંચ વર્ષમાં ઓછામાં ઓછા ૫૦૦ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ્સને જોડી આપશે. ગુજરાત સંશોધનનું જે વાતાવરણ ધરાવે છે અને ઉદ્યોગસાહસિકાની ધગશ ધરાવે છે તેમાં આ નીતિને કારણે સતત વધારો થશે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ફ્રેમવર્ક કમિટીના સભ્યોનાં તારણો તેમજ પોલિસી ડ્રાફ્ટિંગ કમિટીના સભ્યોના પ્રયત્નોના આવકારવામાં આવે છે અને તમામ સદસ્યોને આ પોલિસી ઘડવામાં આપેલા પ્રદાન બદલ અભિનંદન પાઠવવામાં આવે છે. આદરણીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલ અને સમ્માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની દૂરંદેશિતા, નેતૃત્વ અને સાતત્યપૂર્ણ સહાયતા વિના આ નીતિ પૂર્ણ રૂપ પ્રાપ્ત ન કરી શકી હોત.

**(અંજુ શર્મા) અગ્રસચિવ**

**સ્ટુડન્ડ સ્ટાર્ટઅપ ફ્રેમવર્ક કમિટી :**

અગ્રસચિવ, ઉચ્ચ અને તક્નિકી શિક્ષણ (હોદ્દાની રૂએ, અધ્યક્ષ); કમિશનર, તક્નિકી શિક્ષણ (હોદ્દાની રૂએ); કમિશનર, ઉચ્ચ શિક્ષણ (હોદ્દાની રૂએ); કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી (હોદ્દાની રૂએ); કુલપતિ, ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (હોદ્દાની રૂએ); શ્રી શૈલેષ પટવારી (અગ્રણી ઉપપ્રમુખ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ); સુશ્રી ભાગ્યેશ સોનેજી (ચેઈરપર્સન, ASSOCHAM ગુજરાત); ડૉ. વી. એસ. પુરાણી (જોઈન્ટ ડિરેક્ટર, ટેક્નિકલ એજ્યુકેશન, કન્વેનર); શ્રી હિરણ્મય મહંતા (માનનીય ડિરેક્ટર, જી.ટી.યુ. ઈનોવેશન કાઉન્સિલ); શ્રી રાહુલ બાઘચંદાની (અધ્યક્ષ, યૂથ કનેક્ટ ફાઉન્ડેશન અને માનનીય સી.ઈ.ઓ., GUSEC)

**પોલિસી ડ્રાફ્ટિંગ કમિટી :**

સુશ્રી અંજુ શર્મા (અધ્યક્ષ), શ્રી હરીશ પ્રજાપતિ, ડૉ. વી. એસ. પુરાણી, શ્રી હિરણ્મય મહંતા, શ્રી રાહુલ બાઘચંદાની.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| **૧. પરિચય** | ૯ |
| **૨. ગુજરાતમાં નવ્ય શોધ, સ્ટાર્ટઅપ અને ઈનક્યુબેટર માટે હાલની નીતિની રૂપરેખા** | ૧૧ |
| ૨.૧. નવ્યશોધ અને ઉદ્યોગસાહસિકતા માટે ગુજરાત દ્વારા હાથ ધરવામાં આવેલ નીતિસુધારણા | ૧૧ |
| ૨.૨. ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓનું મહત્ત્વ | ૧૨ |
| ૨.૩. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આરંભથી અંત સુધીની સહાયની જરૂરિયાત નક્કી કરવી | ૧૩ |
| **૩. ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી** | ૧૭ |
| ૩.૧. SSIPના મુખ્ય ઉદ્દેશો | ૧૮ |
| ૩.૨. SSIPનાં મુખ્ય લક્ષ્યો | ૧૮ |
| ૩.૩. હિસ્સેદારોની વ્યાપક ભૂમિકા | ૧૯ |
| ૩.૪. નીતિનો સમયગાળો | ૧૯ |
| **૪. નીતિનું અમલીકરણ અને વિકાસ** | ૨૦ |
| **૫. વિદ્યાર્થી સ્ટાર્ટઅપ અને સંશોધનની નીતિનાં મુખ્ય પાસાં** | ૨૨ |
| **૬. સામેલગીરી** | ૨૪ |
| ૬.૧. રાજ્ય સ્તરે સામેલગીરી | ૨૪ |
| ૬.૨. યુનિવર્સિટી સ્તરે સામેલગીરી | ૨૫ |
| ૬.૩. શૈક્ષણિક સંસ્થાના સ્તરે સામેલગીરી | ૨૬ |
| ૬.૪. અભ્યાસના સ્તરે સામેલગીરી | ૨૭ |
| ૬.૫. શૈક્ષણિક સ્તરે સાહસો | ૨૯ |
| ૬.૬. વિદ્યાર્થી સ્ટાર્ટ અપ અને પૂર્વતૈયારી માટેની પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓને સહાય | ૩૦ |
| ૬.૬.૧. લાભકારી યોજનાઓ | ૩૧ |
| ૬.૬.૨. સહાયક જોગવાઈઓ | ૩૨ |
| ૬.૬.૩. સહાયનું ક્ષેત્ર | ૩૪ |
| ૬.૬.૪. પ્રક્રિયા | ૩૭ |
| **૭. રાજ્ય સ્તરના લક્ષ્યાંકો** | ૩૮ |
| **૮. મૂલ્યાંકન અને પરીક્ષણ** | ૩૯ |

## વિભાવના

૧. નવ્ય શોધ (ઈનોવેશન) :

કલ્પના મુજબ, કોઈ પણ શોધ કરવી, માલ ઉત્પાદન કરવો અથવા સેવાઓ પ્રદાન કરવાની રીતોમાં નોંધપાત્ર સુધારા સૂચવે છે. તેમાં નવાં સાધનો કે ઉપકરણો કે સામગ્રી દ્વારા ઉપલબ્ધ માલ અથવા સેવાઓ માટેનાં પ્રાપ્ય સંસાધન અથવા તેમનું ઉત્પાદન કરવાની કે પહોંચાડવાની પદ્ધતિના નવા ઉપયોગનો સમાવેશ કરી શકાય છે.

૨. ઉદ્યોગસાહસિકતા (સ્ટાર્ટઅપ) :

સ્ટાર્ટઅપ એ એવી વાસ્તવિકતા છે જે કાં તો ઉત્પાદનનાં નાવીન્ય અથવા સેવાઓના નાવીન્ય પર આધારિત વ્યવસાયના મોડલને વિકસાવે છે અને એને ગુણવત્તાયુક્ત તથા અનુકરણીય બનાવે છે, જેથી તે આત્મનિર્ભર રહી શકે. સ્ટાર્ટઅપ એ એક એવી વાસ્તવિકતા છે જે G.S.R. ૧૮૦ (ઇ)માં દર્શાવેલ તા.૧૭.૨.૨૦૧૬ના જાહેરનામા મુજબ Department of Industrial Policy and Promotion (DIPP) ભારત સરકારની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે.

૩. પ્રૂફ ઓફ કોન્સેપ્ટ સ્ટેજ : અવધારણાની સાબિતીનો તબક્કો :

એ એક એવો તબક્કો છે જ્યાં અન્વેષક કે શોધકર્તા, સ્ટાર્ટઅપ નિદર્શક કે વિચાર કે પૂર્વધારણા કે શોધની મૂળભૂત કાર્યપદ્ધતિનું નિદર્શન કરે છે.

૪. આદર્શરૂપ તબક્કો :

આદર્શરૂપ તબક્કો એ ઉત્પાદન પૂર્વે કે સાહસ પ્રારંભ કર્યા પૂર્વેનો તબક્કો છે. જ્યાં અન્વેષક કે શોધકર્તા કે સ્ટાર્ટઅપ ટીમે પોતાના અંતિમ ઉત્પાદનમાં ઇચ્છિત મોટાભાગની ચાવીરૂપ સુવિધાઓ સાથે મૂળભૂત ન્યૂનતમ વ્યવહારુ ઉત્પાદન (MVP) વિકસિત કર્યું હોય છે.

૫. Minimum viable product (MVP) - ન્યૂનતમ વ્યવહારુ ઉત્પાદન :

ન્યૂનતમ વ્યવહારુ ઉત્પાદનમાં ઉત્પાદન અને તેના સતત વિકાસ માટે પૂરતી સુવિધાઓ અને માન્ય શિક્ષણ સાથેનું તે ઉત્પાદન છે.

૬. Startup India Action Plan : સ્ટાર્ટઅપ ઈન્ડિયા એક્શન પ્લાન :

ભારત સરકારે ભારતમાં સ્ટાર્ટઅપ્સ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટે 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા'ની પહેલ કરી છે. કેન્દ્ર સરકારના જુદાંજુદાં મંત્રાલયોએ આ હેતુ માટે અનેક પ્રવૃત્તિઓ શરૂ કરી છે, અને સરકારે આ માટે એક એક્શન પ્લાન પણ પ્રકાશિત કર્યો છે.

૭. Student Startup - સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ :

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એ કોઈ પણ વિદ્યાર્થીની આગેવાની હેઠળનું સંશોધન આધારિત સ્ટાર્ટઅપ છે. એક અથવા વધુ વિદ્યાર્થીઓ અથવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (ગ્રેજ્યુએશનનાં ૫ વર્ષથી વધુ નહીં) જે કોઈ પણ યુનિવર્સિટી કે રાજ્યની શૈક્ષણિક સંસ્થા, અધ્યાપકોના માર્ગદર્શનથી અથવા માર્ગદર્શન વગર અને બાહ્ય સહાયકોના પ્રયત્નોથી પ્રસ્થાપિત કરવામાં આવે છે. તાજેતરમાં, AICTEએ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ સપોર્ટ સિસ્ટમ માટે એક રાષ્ટ્રીય માર્ગદર્શિકા વિકસાવી છે.

૮. વિદ્યાકીય કે શૈક્ષણિક સંસ્થા :

રાજ્ય સાથે સંલગ્ન કોઈ પણ સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર સંસ્થા કે કોલેજ, જે ગુજરાતની કોઈ પણ જાણીતી કે માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટી સાથે જોડાયેલ હોય.

૯. પ્રિઈન્ક્યૂબેશન – પૂર્વતૈયારીરૂપ પ્રક્રિયા કે પૂર્વસેવન :

પ્રારંભિક તબક્કે સર્જનાત્મક વિચારોને શરૂ કરવા અને એ વિચારોને અમલમાં મૂકવા માટે એક સક્ષમ વાતાવરણની રચના કરીને, વિચારોની ચકાસણી કરવા અને તેના પ્રારંભિક વપરાશકર્તાઓને માન્ય કરવા માટે મૂળભૂત સુવિધાઓને વિસ્તારીને, સંશોધન એન્ટરપ્રાઈઝના તબક્કે પહોંચે તે પહેલાં પાયાની સામાન્ય કાર્યકારી માળખાગત સુવિધાઓ અને ઉપલબ્ધ હોય તેવાં સંસાધનોનો સમાવેશ કરીને સંશોધન અને સ્ટાર્ટઅપ વેલ્યુ ચેઇન (મૂલ્યવર્ધન શૃંખલા) માટે પ્રિઈન્ક્યૂબેશન (પૂર્વતૈયારીરૂપ પ્રક્રિયા) માટે પ્રારંભિક તબક્કાની સહાયક વ્યવસ્થા બનાવે છે.

૧૦. ઈન્ક્યૂબેટર – સેવન માટે સહાયક :

અનુક્રમે વ્યાવસાયિક સહાય, સંસાધનો, માર્ગદર્શન, નેટવર્કિંગ, સ્થળ, મૂડી તેમજ શિક્ષણ જેવી અન્ય સામાન્ય સેવાઓ દ્વારા ઈન્ક્યૂબેટર એ સ્ટાર્ટઅપના વિકાસને આગળ ધપાવવા માટેની એક સ્થાપિત સંસ્થા છે.

૧૧. ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યૂબેટર (TBI) :

માન્ય રીતે ભારત સરકારના National Science & Technology Entrepreneurship Development Board (NSTEDB) (રાષ્ટ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી ઔદ્યોગિક સાહસિકતા વિકાસ બોર્ડ), Department of Science & Technology (DST) (વિજ્ઞાન અને તકનિકી વિભાગ)ની સહાય દ્વારા TBI એ ટેક્નોલોજી ઉપર આધારિત સ્ટાર્ટઅપને ટેકો આપવા માટેનું સ્થાપિત ઈન્ક્યૂબેટર છે.

૧૨. ધ અટલ ઈનોવેશન મિશન (AIM) :

ધ અટલ ઈનોવેશન મિશન (AIM) એ ભારત સરકારનો સંશોધનની સંસ્કૃતિ અને ઔદ્યોગિક સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે. તેનો ઉદ્દેશ ખાસ કરીને ટેક્નોલોજી આધારિત ક્ષેત્રોમાં વૈશ્વિક કક્ષાનાં સંશોધન કેન્દ્રો, મોટા પડકારો, સ્ટાર્ટઅપ આધારિત ઉદ્યોગો અને અન્ય સ્વરોજગાર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે. AIM નીતિ આયોગ અંતર્ગત સ્થાપિત થયેલ છે.

૧૩. ટિંકરિંગ લેબ કે ફેબ લેબ કે ઈનોવેશન સ્ટુડિયો :

ટિંકરિંગ લેબ કે ફેબ લેબ એ પ્રાયોગિક સંશોધન અને વિશેષતાનું સંયોજન છે, જ્યાં વિદ્યાર્થીઓ નવી ઉદ્ભવતી ટેક્નોલોજીમાં ફેરબદલ, નવાં ઉત્પાદનો કે આદર્શરૂપ પ્રતિકૃતિઓનું સર્જન કે નિર્માણ કરી શકે છે.

૧૪. પ્રવેગક - જે ગતિ વધારવાનું કામ કરે છે :

પ્રવેગક એ ઈન્ક્યૂબેટર જેવું જ છે, પરંતુ એ એના નામ મુજબ સ્ટાર્ટઅપ ઈન્ક્યૂબેટર કરતાં વધારે ઝડપથી સ્ટાર્ટઅપના વિકાસને પ્રોત્સાહન આપે છે. માર્ગદર્શન, ટેક્નોલોજીમાં પ્રવેશ, ઓફિસ માટેની જગ્યા અને સંશોધન સાથે સંકળાયેલા સમુદાયમાં સમાવિષ્ટ થવા જેવાં ક્ષેત્રોમાં સામાન્ય રીતે એક્સેલેટર્સ પેકેજ પ્રમાણમાં ટૂંકા ગાળામાં ઝડપથી વિકાસ કરે છે.

૧૫. એંજલ ઈન્વેસ્ટર્સ – દેવદૂત સમાન રોકાણકારો :

સામાન્ય રીતે પ્રમાણમાં ઓછું પણ બીજરૂપ મૂડીરોકાણ કરીને એંજલ રોકાણકારો સ્ટાર્ટઅપની શરૂઆત કરનારને આર્થિક સહાય પૂરી પાડે છે.

૧૬. સાહસ મૂડી (VC) :

વેન્ચર કેપિટલ એ ભંડોળનો એક પ્રકાર છે જે વેન્ચર કેપિટલ કંપનીઓમાંથી ઉદ્ભવે છે, જે અત્યંત જોખમ ધરાવતા નાણાકીય વિભાગના નિર્માણમાં નિષ્ણાત હોય છે. લાક્ષણિક રીતે, આવી કંપનીઓ ઈક્વિટી સામે સ્થાપિત સ્ટાર્ટઅપ્સને વૃદ્ધિ સ્તરનું ભંડોળ પૂરું પાડે છે અને સાથોસાથ તેમના કર્મચારીઓ, ગ્રાહકો, ઉત્પાદનો અથવા સ્ટાર્ટઅપની સેવાઓને નેટવર્ક પૂરું પાડીને સ્ટાર્ટઅપને મૂલ્યવાન બનાવે છે.

# ૧. પરિચય

નવી શોધ એ દરેક અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ માટેની ચાવી છે અને નવી શોધ સમાજના દરેક સ્તરે થાય છે. ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ ૨૦૧૬ મુજબ ભારત તેના વૈશ્વિક ક્રમાંકમાં ૧૫મા સ્થાન ઉપર આવ્યું છે. ભારતના માનનીય વડાપ્રધાનશ્રીએ પ્રત્યેક ભારતીયની સર્જનાત્મક સંભાવનાઓને મુક્ત રીતે વ્યક્ત કરવા માટે, દરેક સ્તરે યોગદાન મળે તે માટે પ્રોત્સાહન આપવા ૨૦૧૦-૨૦ના દાયકાને 'નવી શોધના દાયકા' તરીકે ઘોષિત કર્યો છે.

તાજેતરમાં, ભારત સરકારે નીતિ આયોગ અંતર્ગત દેશભરમાં સંશોધનની ચળવળને આગળ વધારવા માટે 'અટલ ઈનોવેશન મિશન'ની સ્થાપના કરી છે, કારણ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને તેમના ૨૦૧૫ના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા' મિશન અપનાવવા વિનંતી કરી હતી.

દેશના યુવાનો અને યુનિવર્સિટી પ્રણાલી સંશોધનની ઈકોસિસ્ટમને આકાર આપવા માટેના દરેક પગલે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા એક્શન પ્લાનના ત્રણ મુખ્ય લક્ષ્યાંકોમાંથી, એક મુખ્ય લક્ષ્યાંક કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં ચાર મિલિયનથી વધુ વિદ્યાર્થીઓને સાથે રાખીને સ્ટાર્ટઅપ અને સંશોધનની આબોહવાનું નિર્માણ કરવાનું છે.

ગુજરાતમાં ૬૦થી વધુ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી આશરે ૧.૪ મિલિયન વિદ્યાર્થીઓ પાસેથી દર વર્ષે ૧,૦૦,૦૦૦થી વધુ પ્રોજેક્ટ્સ, થિસિસ કે શોધનિબંધ અને નવીન વિચારો મળે છે તે સંશોધન અને સ્ટાર્ટઅપ્સના સ્રોત છે, સંશોધન અને સ્ટાર્ટઅપ્સના સ્રોત બંને નવાં ઉત્પાદનો અને સેવાઓના પ્રબંધ દ્વારા આ સંશોધનની નીતિમાં સૂચિત ઈકોસિસ્ટમનો આધાર બનશે.

ઈન્ક્યૂબેટરો સ્થાપવા માટે ગુજરાત સરકારે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને જોડીને સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના અંગે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

વધુમાં, વિચારક પોતાનું સ્ટાર્ટઅપ પૂર્ણ રીતે શરૂ કરવા બાહ્ય સહાય શોધે તે પહેલાં તેના નવા વિચારો અને કલ્પનાઓને યોગ્ય પોષણ અને પ્રોત્સાહન તેની શૈક્ષણિક સંસ્થાના પરિસરમાં જ મળે તે માટે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં મોટી સંખ્યામાં શિક્ષકો અને અધ્યાપકો, સંશોધનનાં સંસાધનો અને સામાન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે.

વિદ્યાર્થી કેન્દ્રિત સંશોધન અને પ્રિઈન્ક્યૂબેશન પ્રક્રિયાઓના નિર્માણ દ્વારા વ્યવસ્થિત રીતે આ યોજનાઓનો લાભ મળે તેવો રાજ્ય સરકારના શિક્ષણ વિભાગનો ઉદ્દેશ છે.

ઔદ્યોગિક સાહસના વ્યાપક વિકાસના મોડલનું નિર્માણ કરવા માટે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં યુવાન વિદ્યાર્થીઓની સર્જનાત્મક સંભાવનાઓનું સામંજસ્ય સાધવું પણ આવશ્યક છે.

દરેક નવીન વિચાર પરિકલ્પનાની સાબિતી, પ્રતિકૃતિ, ઉત્પાદન, પરીક્ષણ અને અજમાયશ, પુનઃરચના અને વિકાસની ઉપયોગિતાના તબક્કામાંથી પસાર થાય છે. સંશોધન અને ઉદ્યોગલક્ષી પરિશ્રમના માર્ગમાં આવતા બજારના પ્રતિભાવ અથવા તક્નિકી અડચણ ઉપર આધારિત વિવિધ તબક્કાઓને છોડીને જ આગળ વધવું જોઈએ. જ્યાં સુધી કોઈ વ્યક્તિ નિષ્ફળ થતી નથી ત્યાં સુધી પ્રારંભિક તાલીમ અને દૃષ્ટિ સાથેના નવાં ઔદ્યોગિક સાહસ ક્યારેય પૂર્ણ રૂપે પ્રગટ થઈ શકતાં નથી. ઉપરાંત, દરેક યુવાન વિદ્યાર્થી અન્વેષક કે ઉદ્યોગસાહસિક કે સ્ટાર્ટઅપ શરૂઆતના મૂળભૂત વિચારને વળગી રહે તે જરૂરી નથી.

સફળ થવા માટે કોઈ પણ સંશોધનની નીતિ માટે એ જરૂરી છે કે નિષ્ફળતાને સ્વીકારવાની તૈયારી રાખવી. સાથોસાથ સંશોધન અને એના આગળના વિકાસ માટે પુનઃ કે પાયાથી શરૂઆતની કરવાની તૈયારી પણ રાખવી.

ગુજરાતે ઔદ્યોગિકીકરણમાં નેતૃત્વ લીધું છે અને દેશની વધતી જતી પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ટૂંકા ગાળાની યોજના અથવા સંશોધન પ્રત્યેની લાંબા ગાળાની દૃષ્ટિ અને પૂર્વસેવન કે પ્રિઈન્ક્યૂબેશનની પ્રક્રિયાઓ વિદ્યાર્થીઓ સંચાલિત વૃદ્ધિ માટે નવા માર્ગ ખોલી આપશે – આ બંને માર્ગને નીતિ વિષયક પરિકલ્પના સાથે રાખે છે.

જ્યારે રાજયસંલગ્ન ૬૦થી વધુ યુનિવર્સિટીઓ અને ૧૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં સર્વગ્રાહી સંશોધન અને પૂર્વસૂચનના આદર્શનો વિકાસ થઈ રહ્યો હોય છે ત્યારે આ નીતિવિષયક દસ્તાવેજ, વિવિધ અવરોધો જાણતા હોવાથી ઉગતા અન્વેષકો અને ઉદ્યોગસાહસિકોના સંઘર્ષ અને પડકારોને યોગદાન આપે છે.

જ્યારે અન્વેષકોને ટેકો આપવો મહત્ત્વપૂર્ણ છે, તે સમયે લાંબા ગાળે વ્યૂહાત્મક લાભ માટે રાજ્ય અને રાષ્ટ્ર માટે ટકાઉ ઈકોસિસ્ટમ આધારિત અભિગમની કલ્પના કરવી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે.

## ૨. ગુજરાતમાં નવ્ય શોધ, સ્ટાર્ટઅપ અને ઈનક્યુબેટર માટે હાલની નીતિની રૂપરેખા

મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, અટલ ઇનોવેશન મિશન, નેશનલ ઇનોવેશન કાઉન્સિલ વગેરે જેવા કેન્દ્ર સરકારના વિવિધ પ્રયત્નો સાથે સુમેળ સાધીને, ગુજરાત સરકારે સર્જનાત્મકતા, સંશોધન અને ઉદ્યોગસાહસિકતાને ટેકો આપવા માટે કેટલાંક નક્કર પગલાં લીધાં છે.

### ૨.૧. નવ્યશોધ અને ઉદ્યોગસાહસિકતા માટે ગુજરાત દ્વારા હાથ ધરવામાં આવેલ નીતિસુધારણા

૨૦૧૩માં, રાજ્યના સંશોધનના એજંડાને મોટા પાયે સ્થાપિત કરવા માટે મુખ્ય સચિવની અધ્યક્ષતામાં અને વિજ્ઞાન અને તક્નિકી વિભાગની મહત્ત્વની અધ્યક્ષતા હેઠળ સ્ટેટ ઇનોવેશન કાઉન્સિલની રચના કરવામાં આવી.

ત્યારબાદ, ૨૦૧૫માં ઔદ્યોગિક નીતિના ભાગ રૂપે, પ્રારંભિક તબક્કે બીજ ભંડોળ સહાય પ્રદાન કરવા માટે ઉદ્યોગ અને ખકખનીજ વિભાગ દ્વારા ‘સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેશન માટેની સહાય યોજના’ શરૂ કરવામાં આવી હતી.

જૂન, ૨૦૧૬માં, રાજ્યના વિજ્ઞાન અને તક્નિકી વિભાગ દ્વારા ICT સ્ટાર્ટઅપ્સ માટે, ઈન્ક્યૂબેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંબંધિત સપોર્ટ લિંકને ટેકો આપવા માટે ઇલેક્ટ્રોનિક્સ અને IT/ITES સ્ટાર્ટઅપ નીતિ રજૂ કરવામાં આવી.

નવ્યશોધ અને ઉદ્યોગસાહસિકતા ફક્ત ઔપચારિક ક્ષેત્રો સુધી જ મર્યાદિત નથી અને ગુજરાત ગ્રાસ રૂટ્સ ઇનોવેશન અને ઓગમેન્ટેશન નેટવર્ક (GIAN) જેવી પહેલથી રાજ્યમાં અનૌપચારિક ક્ષેત્રમાં સંશોધનની મદદ માટે સહાયક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા સહાય મેળવનાર ૧૦થી વધુ ઈન્ક્યૂબેટર્સ રાજ્યમાં અસ્તિત્વ ધરાવે છે અને કેટલાક વધુને કેન્દ્રની DEITY, DBT અને MSME વિભાગ જેવી સંસ્થાઓ દ્વારા સહાય પ્રાપ્ત થાય છે.

તદુપરાંત iCreate (આઇક્રિએટ) એ રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત એક જાહેર ભંડોળ મેળવનાર ઈન્ક્યૂબેટર છે.

## ૨.૨. ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓનું મહત્ત્વ

- અમદાવાદમાં DST (ભારત સરકાર) દ્વારા માન્ય ટેક્નોલોજી બિઝનેસ ઈન્ક્યૂબેટર્સ (TBIs)ની સંખ્યા સૌથી વધુ છે. શહેરમાં તેની સંખ્યા ૧૦ છે. આ ૧૦માંથી ૮ શૈક્ષણિક સંસ્થાઓનો એક ભાગ છે.
- ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૧૫માં સ્ટાર્ટઅપ સહાય યોજના અંતર્ગત ૨૦ મોડેલ સંસ્થાઓ (NI) માંથી ૧૮ શૈક્ષણિક સંસ્થાઓ છે.
- ગુજરાત ઈકોસિસ્ટમની સંશોધન અને સ્ટાર્ટઅપ વેલ્યુ ચેઈન જે ઉપલબ્ધ કરાવે છે તેનાં ઊંડાં મૂળ ગુજરાતની યુનિવર્સિટીઓમાં થતાં સંશોધન, પ્રોજેક્ટ અને સંશોધનની પ્રવૃત્તિઓની આસપાસ રહેલાં છે.
- ગુજરાતે ટેક્નોલોજિકલ યુનિવર્સિટીમાં દેશમાં પ્રથમવાર સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રકલ્પની પહેલ કરી હતી. ત્યારબાદ આ પ્રકલ્પને પાછળથી આંધ્રપ્રદેશ અને કેરળની યુનિવર્સિટીઓએ પાર પાડ્યો હતો.
- દર વર્ષે ગુજરાતની યુનિવર્સિટીઓમાં આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપનો પ્રારંભ કરે છે.
- ભારત સરકારના HRD મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવતા AICTE દ્વારા ગુજરાતની સંસ્થાઓ સહિત દેશભરની તક્નિકી સંસ્થાઓમાં પોતાની સ્ટાર્ટઅપ અંગેની નીતિનો આરંભ કરવામાં આવ્યો.
- વધુમાં, સંશોધક પોતાનું સ્ટાર્ટઅપ પૂર્ણ રીતે શરૂ કરવા બાહ્ય સહાય શોધે તે પહેલાં તેના નવા વિચારો અને કલ્પનાઓને યોગ્ય પોષણ અને પ્રોત્સાહન તેની શૈક્ષણિક સંસ્થાના ભાગ રૂપે જ મળે તે માટે યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં મોટી સંખ્યામાં શિક્ષકો અને અધ્યાપકો, સંશોધકો અને સંશોધનની ઈકોસિસ્ટમ અને સામાન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે.

નેશનલ સ્ટાર્ટઅપ ઇન્ડિયા એક્શન પ્લાનનો હેતુ ત્રણ સ્તરે ટેકો પૂરો પાડવાનો છે :

(અ) સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ્સ કે યુનિવર્સિટી ઇનોવેશન આધારિત ઉદ્યોગો.

(બ) દેશમાં હાલના સ્ટાર્ટઅપ્સ, જે ઇન્ક્યૂબેશન પછીના તબક્કે છે.

(ક) સ્ટાર્ટઅપનો ઉચ્ચ વૃદ્ધિ તબક્કો, જેને નિયમન અને સહાયની જરૂર હોય.

ગુજરાતની સંશોધન અને પ્રિઈન્ક્યૂબેશન ઈકોસિસ્ટમ સપોર્ટ (IPIES)ની નીતિ વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ અને સંશોધનની ઇકોસિસ્ટમના પ્રથમ સ્તરને સહાય આપે છે અને દરેક સ્તરે ગુજરાત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને પ્રાથમિક સામેલગીરીના ભાગરૂપે સહાય પૂરી પાડે છે.

## ૨.૩. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આરંભથી અંત સુધીની સહાયની જરૂરિયાત નક્કી કરવી

પ્રગતિશીલ સંશોધન અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ કેટલીક મુખ્ય બાબતોનો સમાવેશ કરે છે. ખાસ કરીને એજન્ડા ચલાવવા માટે સરકારી માલિકીની સાથે ધબકતી વિદ્યાકીય પ્રવૃત્તિઓનું સંશોધન, પૂર્વસૂચન, ઇનક્યુબેશન, પ્રવેગક, મૂળભૂત બાબત, એંજલ અને વેન્ચર કેપિટલ (સાહસ મૂડી ભંડોળ), બજારપ્રવેશ, વ્યવહારુ નિયમનકારી સહાય, વ્યાપારની સરળતા અને વિકાસ તેમજ ઉચ્ચ ગુણવતાયુક્ત વાતાવરણ પૂરું પાડે છે.

સામેલગીરી, જેવી કે, સ્ટાર્ટઅપ અને સંશોધન માટેની રાજયની સહાય યોજના મહત્તમ કાર્યક્ષમતા પ્રાપ્ત કરશે, જ્યારે દર વર્ષે ગુજરાતની ઇકોસિસ્ટમમાંથી ગુણવત્તાયુક્ત સંશોધનના સમૂહ અને પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટઅપ બહાર ઉભરી આવશે.

ગુજરાત પાસે વ્યવસ્થિત રીતે નિર્માણ કરેલી વ્યવસ્થા છે, જેમકે, ગુજરાત વેન્ચર ફંડ લિમિટેડ (GVFL), સ્ટાર્ટ અપ માટે સહાય યોજના, રાજ્યભંડોળ ઇન્ક્યૂબેશન સુવિધાઓ જેવી કે iCreate, પ્રદર્શન અને વ્યાખ્યાન માટેનો વાર્ષિક મંચ વગેરે. જ્યારે હાલની સપોર્ટ લિંક સ્ટાર્ટઅપને નાણાકીય સહાય કરવા માટે સક્ષમ છે ત્યારે સંશોધનના વિકાસ અને પૂર્વસૂચનના તબક્કા વચ્ચે વ્યાપક અંતર જોવા મળે છે.

| ક્રમ | તબક્કો | ઈકોસિસ્ટમનું સ્તર | મુખ્ય હસ્તક્ષેપો |
|---|---|---|---|
| ૧ | પૂર્વતૈયારીની પ્રક્રિયા | બહિર્ગમન, સંસ્કૃતિનિર્માણ | • વિદ્યાર્થીઓ સુધી પહોંચવું<br>• નવીનીકરણ/IPRમાં સાક્ષરતાનો કાર્યક્રમ<br>• વિવિધ હિસ્સેદારોને સાંકળવા<br>• બદલાતી માનસિકતા<br>• સહાયક અને સર્જનાત્મક વાતાવરણ |
| ૨ | | વિચારો, નવીનીકરણ | • વૈવિધ્યપૂર્ણ આયોજન અને વિચારધારા<br>• સમસ્યા હલ કરવાની કુશળતા<br>• શિક્ષણશાસ્ત્ર, શૈક્ષણિક અને કૌશલ્ય કાર્યક્રમ<br>• જીવંત પ્રોજેક્ટ્સ અને સંશોધન<br>• (PoC) પ્રૂફ ઓફ કોન્સેપ્ટ – પરિકલ્પનાને સક્રિય કરવાના પ્રોજેક્ટ્સ<br>• (PoC)થી (minimum viable prototypes) (MVP)<br>• સામાન્ય માળખું અને સંસાધનો<br>• સ્ટાર્ટઅપ્સ અને અન્ય વ્યાવસાયિક વિચારો<br>• ઈકોસિસ્ટમનું નિર્માણ<br>• IPનું સર્જન અને સંરક્ષણ<br>• શૈક્ષણિક અને શિક્ષણશાસ્ત્રીફ હસ્તક્ષેપો<br>• પૂર્વભૂમિકા માટેની સહાય<br>• શરૂઆતના વપરાશકારો દ્વારા માન્ય પ્રોત્સાહન, પુરસ્કાર, પ્રશંસાપત્ર, માન્યતા |
| ૩ | તૈયારી અને ગતિશીલતા | સ્ટાર્ટઅપ | • વ્યાવસાયિક આદર્શનો વિકાસ<br>• માર્ગદર્શન<br>• બજારપ્રવેશ અને ઈનક્યૂબેશન<br>• ઉદ્યોગોનું જોડાણ<br>• નીતિસહાય<br>• ઉદ્ભવ પછીની સહાય<br>• પૂર્ણ વિકાસવાળા ઉત્પાદન માટે ભંડોળની |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રાપ્તિ<br>• એંજલ ભંડોળ<br>• ગ્રાહકની માન્યતા<br>• કાનૂની અને વ્યૂહાત્મક સહાય<br>• સમર્પિત માળખાનો ઉપયોગ |
| ૪ | | વિસ્તૃતીકરણ | વિકાસના તબક્કાની સહાય<br>નિયમનકારી સહાય<br>સાહસમૂડી અને ખાનગી ઈક્વિટી<br>ઝડપી સહાય<br>જાહેર નીતિની સહાય<br>ટેક્નોલોજી વ્યવસાયમાં સુગમતા<br>બહાર નીકળવાની સગવડ<br>વિસ્તૃતીકરણ અને વૈશ્વિકીકરણ |

વળી, વિશ્વમાં મોટાભાગની પ્રગતિશીલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સ્થાનિક શિક્ષણ અને વિદ્યાર્થીઓની સક્રિય ભૂમિકાની સાક્ષી બની છે. સર્વગ્રાહી સંશોધનમાં સ્ટાર્ટઅપ પહેલાં અને સંશોધન ઈકોસિસ્ટમના વિકાસમાં શિક્ષણ અને તેનાથી જોડાયેલા હોદ્દેદારો ખૂટતી કડી છે, જે કડીને સાંધવાનો આ નીતિનો હેતુ છે.

તેથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી એ સુનિશ્ચિત કરે છે કે ગુજરાતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને સમસ્યાઓ હલ કરવા અને વિચારો તથા તકો ઊભી કરવા માટે અનુકૂળ વાતાવરણ મળે.

સંસ્થાઓમાં સંશોધન અને તેની સાથેના સંલગ્ન પ્રયાસોમાંથી સંશોધનની મજબૂત કડીનું નિર્માણ કરવાની જરૂરિયાતને આ નીતિ ધ્યાનમાં લે છે. વિદ્યાર્થીઓના વિચારોને તકોમાં રૂપાંતરિત કરવામાં મદદરૂપ થાય છે. જે પછીથી હાલની વિવિધ સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા સ્ટાર્ટ અપ તરીકે ટેકો આપી શકે છે.

ગૌણ કડી સાથોસાથ આંતરિક સહાયની સાથે સંશોધનના પિરામિડની રચના કરીને આ પોલિસી પહેલેથી ઉપલબ્ધ સુવિધામાં ઉમેરો કરે છે.

## ૩. ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીનો હેતુ યુવા વિદ્યાર્થીઓના સંશોધન અને વિચારોને સમર્થન આપવા માટે એકીકૃત, રાજ્યવ્યાપી, યુનિવર્સિટી આધારિત સંશોધન ઈકોસિસ્ટમ બનાવવાનો છે અને તેમના સર્જનાત્મક અનુસંધાનના મહત્તમ ઉપયોગ માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરવાનો છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી, વિદ્યાર્થીઓ વચ્ચેના સાંસ્કૃતિક પરિવર્તન, પૂર્વનિર્ધારણ સહાય અને વિદ્યાર્થી સંશોધનને ઉત્પન્ન કરવા અને તેને જાળવવા માટે અન્ય જરૂરી પગલાં માટેના મજબૂત પ્રયત્નો કરતી વખતે, વિવિધ હિસ્સેદારો દ્વારા પૂરક પ્રયત્નોને સાંકળે છે અને તેમને ટકાવી રાખવામાં મદદ કરે છે.

મુખ્યત્વે, શિક્ષણ વિભાગના સ્તરે, સંસાધનોનો ઉપયોગ રાજ્યના ભૌગોલિક ક્ષેત્રે સંશોધન સહાય વ્યવસ્થા પ્રક્રિયાઓ અને યુનિવર્સિટી-કેન્દ્રિત સંશોધન ઈકોસિસ્ટમ બનાવવા માટે કરવામાં આવશે, જે નવીન વિચારોને પ્રોત્સાહન આપે છે અને ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાની આબોહવાને પ્રોત્સાહન આપે.

નીતિ સુનિશ્ચિત કરે છે કે સંશોધન વેલ્યુ ચેઈનની ખૂટતી કડીઓ જેવી કે પ્રોટોટાઈપ સપોર્ટ, IP સંરક્ષણ, જ્ઞાન આધારિત વ્યવસાય વિકાસ, સફળતાની વાતો કરવા માટેનો મંચ અને સમાન પડકારોને નીતિ અને સંલગ્ન સહાય દ્વારા ઓછાં કરવામાં આવે.

આ નીતિના માધ્યમથી, રાજ્યભરમાં શિક્ષણક્ષેત્રમાં સંશોધન અને પૂર્વસૂચન સહાયનાં ક્ષેત્રો, અવકાશ અને અન્ય પાસાંમાં સમાવેશ કરવામાં આવશે. સંશોધન કરવા માટે ઉત્સુક વિદ્યાર્થી અન્વેષકોને ટેક્નોલાક્રા જ્ઞાનક્ષેત્રની સાથે અથવા એના સિવાય પણ સ્ટાર્ટઅપ ચલાવી શકે તેમ કરવું.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ત્રણ સ્તરે સામેલગીરીને ફરજિયાત કરે છે :

(અ) રાજ્ય સ્તર (વ્યૂહરચના અને યોજના)

(બ) યુનિવર્સિટી સ્તર (સંદર્ભિત નીતિનું અમલીકરણ અને સંચાલન)

(ક) સંસ્થા સ્તર (ગ્રામ્ય સ્તર કે પાયાના સ્તરની વ્યૂહરચના અને આરંભથી અંત સુધી વિચારોને અને સંશોધનને ટેકો આપવો)

### ૩.૧. SSIPના મુખ્ય ઉદ્દેશો

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીનો હેતુ યુવા વિદ્યાર્થીઓના સંશોધન અને વિચારોને સમર્થન આપવા માટે એકીકૃત, રાજ્યવ્યાપી, યુનિવર્સિટી આધારિત સંશોધન ઈકોસિસ્ટમ બનાવવાનો છે અને તેમના સર્જનાત્મક અનુસંધાનના મહત્તમ ઉપયોગ માટે અનુકૂળ વાતાવરણ રચવાનો છે.

(૧) વિદ્યાર્થી કેન્દ્રિત સંશોધન અને વિદ્યાર્થીઓ માટે પ્રિઇન્ક્યૂબેશન ઈકોસિસ્ટમ (IPIES) વિકસાવવી.

(૨) વિચારોના વધુ સારી રીતે અમલીકરણ માટે પર્યાપ્ત સહાય આપવા શૈક્ષણિક સંસ્થાઓમાં રચનાત્મકતાના વિકાસ માટે અને આરંભથી અંત સુધીની સહાયક વ્યવસ્થા માટે વાતાવરણ રચવું.

(૩) આ ધોરણે ટકાઉ અસર ઊભી કરવા માટે વ્યવહારુ રીતે ગોઠવેલી પ્રક્રિયાઓને સક્ષમ બનાવવા શૈક્ષણિક સંસ્થાઓની આંતરિક ક્ષમતા અને સંશોધન ઈકોસિસ્ટમના મુખ્ય ઘટકોનું નિર્માણ કરવું.

(૪) ગુજરાતમાં વિદ્યાર્થીઓનાં પ્રોજેક્ટ્સ, સંશોધન, વિચારોનો ઉપયોગ અને હેન્ડહોલ્ડિંગ દ્વારા 'વિચારોથી વેપાર' સુધીના માર્ગનું નિર્માણ કરવું.

(૫) શૈક્ષણિક સંસ્થાઓની આજુબાજુના રાજ્યમાં ક્ષેત્રીય અને પ્રાદેશિક સંશોધનના પ્રયત્નો કરવા અને સુવિધા આપવી.

(૬) હિસ્સેદારોને પ્રોત્સાહિત કરવા તેમજ ઘણા લોકો માટે પૈસા અને મૂલ્ય બનાવવાની તક માટે પ્રદર્શન, સમર્થન અને ઉચ્ચ સ્તરનાં સંશોધન માટે એક સામાન્ય મંચ ઊભો કરવો.

(૭) રાજ્ય અને કેન્દ્રીય કક્ષાએ, જાહેર શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગો અને અન્ય ઈકોસિસ્ટમ હિસ્સેદારો, જ્ઞાનક્ષેત્રના નિષ્ણાતો અને સંસ્થાઓ દ્વારા વ્યાપક પ્રયત્નો કરવા માટેની જાહેર પદ્ધતિની પહેલ કરવી.

### ૩.૨. SSIPનાં મુખ્ય લક્ષ્યો

(૧) સંશોધન અને પૂર્વસૂચનની વ્યાપક કાર્યસૂચિ ગોઠવવી અને તેના અમલ માટે તમામ યુનિવર્સિટીઓને સશક્ત બનાવવી.

(૨) યુનિવર્સિટી દ્વારા સંશોધન અને પૂર્વસૂચનના વ્યાપક કાર્યસૂચિની ગોઠવણ અને અમલીકરણનું લક્ષ્યાંક.

(૩) ઓછામાં ઓછા ૧ % સ્નાતકોને સંશોધન અને સંલગ્ન માધ્યમો રોજગાર ઊભો કરનાર તરીકે રૂપાંતરિત કરનારા વાતાવરણ રચવાનું લક્ષ્ય રાખવું

(૪) રાજ્યની યુનિવર્સિટીઓમાંથી દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦૦ વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના સંશોધનને ટેકો આપવા અને દર વર્ષે ૧૦૦૦ પેટન્ટ ફાઇલ કરવાનું લક્ષ્યાંક.

(૫) આવતા ૫ વર્ષમાં ૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સ માટે સુસજ્જ કરવા અને ઉચ્ચ ધોરણનું લક્ષ્યાંક.

(૬) સહાય વ્યવસ્થા અંતર્ગત યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓને નક્કર સંશોધન અને પૂર્વસૂચનનું નિર્માણ કરવા માટે સક્ષમ બનાવવી.

(૭) સંશોધન અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહનો, પુરસ્કારો, પ્રશંસાપત્ર અને આદર્શ સ્તર તેમજ તમામ સ્તરે સલંગ્ન પ્રયાસોનું લક્ષ્યાંક.

(૮) સ્ટાર્ટઅપ અને સંશોધન કરનાર વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે મજબૂત પૂર્વસૂચન સહાય મેળવવા આગામી પાંચ વર્ષ માટે રાજ્યની ઓછામાં ઓછી ૨૦૦ સંસ્થાઓને સક્ષમ બનાવવાનું લક્ષ્યાંક.

(૯) આગામી પાંચ વર્ષમાં પૂર્ણપણે પ્રિઇન્ક્યૂબેશન ઇકોસિસ્ટમ વિકસાવવા રાજ્યની તમામ યુનિવર્સિટીઓ માટેના વ્યૂહાત્મક પગલાં હાથ ધરવાં.

(૧૦) વ્યવસ્થિત રીતે સંશોધનની પ્રક્રિયાઓ શિક્ષણ, સમાજ અને SMEs સાથે સંકળાય તે સુનિશ્ચિત કરવું, જેથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો કે શિક્ષકો તેમના પડકારોનું નિવારણ લાવે અને ઔદ્યોગિક સાહસિકો માટે વધુ તકોનું નિર્માણ થાય એવું લક્ષ્યાંક.

## ૩.૩. હિસ્સેદારોની વ્યાપક ભૂમિકા

(૧) સરકાર : આદેશ, ટેકો, સગવડ, એકીકૃત અને ધોરણ.

(૨) શૈક્ષણિક હિસ્સેદારો : ગોઠવાયેલી કાર્યસૂચિ અંતર્ગત ગુણવત્તાની ખાતરી, આરંભથી અંત સુધી સહાય, વ્યવસ્થા અને કોડિફિકેશન બનાવવું.

(૩) બિનશૈક્ષણિક, ઉદ્યોગ અને અન્ય ઇકોસિસ્ટમના હિસ્સેદારો : માર્ગદર્શન, બજારપ્રવેશ, અને જ્ઞાનક્ષેત્ર.

## ૩.૪. નીતિનો સમયગાળો

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીનો પ્રારંભિક સમયગાળો વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ સુધીનો રહેશે.

## ૪. નીતિનું અમલીકરણ અને વિકાસ

વિદ્યાર્થીઓના સંશોધનના અનુસંધાનમાં માર્ગદર્શન પૂરું પાડવા અને નીતિના અમલીકરણ તેમજ સંકલનને આગળ ધપાવવા માટે રાજ્યસ્તરની એક માર્ગદર્શન સમિતિની રચના કરવામાં આવશે.

સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે :

માનનીય શિક્ષણમંત્રીશ્રી : અધ્યક્ષ
રાજયકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ) : સહાધ્યક્ષ
અગ્રસચિવશ્રી, ઉચ્ચતર અને તક્નિકી શિક્ષણ : ઉપાધ્યક્ષ
સચિવશ્રીઓ - ઉદ્યોગ અને ખાણ, વિજ્ઞાન અને તક્નિકી
નાણાકીય અને પ્રાથમિક શિક્ષણ : સભ્યો
કમિશનરશ્રી, તક્નિકી શિક્ષણ : સભ્ય સચિવ
કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ : સભ્ય
રાજયની યુનિવર્સિટીઓમાંથી ૨ કુલપતિશ્રી
૧ કુલપતિશ્રી સ્વનિર્ભર યુનિવર્સિટીમાંથી : સભ્ય
સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના ૩ પ્રતિનિધિશ્રીઓ : સભ્યો
૧ ઉદ્યોગ પ્રતિનિધિ : સભ્ય

● નીતિના અમલીકરણ અને વિકાસની દેખરેખ રાખવા માટે નીતિઅમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે, જેમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે :
અગ્રસચિવશ્રી, ઉચ્ચતર અને તક્નિકી શિક્ષણ : (અધ્યક્ષ)
સચિવશ્રી, નાણા વિભાગ અથવા તેમના પ્રતિનિધિ : (સભ્ય)
સચિવશ્રી, વિજ્ઞાન અને તક્નિકી અથવા તેમના પ્રતિનિધિ : (સભ્ય)
કમિશનરશ્રી, તક્નિકી શિક્ષણ : (સભ્ય સચિવ)
કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ : (સભ્ય)

૧ પ્રતિનિધિ કુલપતિશ્રી : સભ્ય
સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમના ૩ પ્રતિનિધિઓ : સભ્યો

● નીતિના સમયગાળા દરમિયાન વ્યાપક સ્તર પર નીતિના ઉદ્દેશોના અમલીકરણ અને નીતિના હેતુઓને ઉપયોગમાં લેવા માટે રાજ્ય સ્તરની સક્ષમ એજન્સી જવાબદાર રહેશે. આ યોજના માટે ચોક્કસ એજન્સીની રચના કરવામાં આવે ત્યાં સુધી, ગુજરાત નોલેજ સોસાયટી (G.K.S)ને આ ભૂમિકા સોંપવામાં આવશે.

યુનિવર્સિટી અને તેમાં સમાવિષ્ટ શૈક્ષણિક સંસ્થાઓના સ્તરે જ્યારે નીતિના માઈક્રો એક્શન એજન્ડા ગોઠવાશે ત્યારે જે યુનિવર્સિટીઓ આ નીતિની જોગવાઈઓનો લાભ લેશે તેને રાજ્ય અમલીકરણ એજન્સી દ્વારા સૂચવવામાં આવેલી વિસ્તૃત માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

● હાલની સંસ્થાઓ સરકારના અને ખાનગી તેમજ બિનસરકારી ક્ષેત્રો તરફથી સંસાધન સંસ્થાઓના સંશોધન અને ઉદ્યોગસહાસિકતાના એજન્ડાને પહોંચી વળવા સમયાંતરે મુખ્ય કે ચાવીરૂપ ઉદ્દેશો, જેવા કે ક્ષમતાનિર્માણ, પ્રક્રિયાઓનું સંસ્થાકીયકરણ અને નીતિના ઈચ્છિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા કાર્યરત રહેશે.

## ૫. વિદ્યાર્થી સ્ટાર્ટઅપ અને સંશોધનની નીતિનાં મુખ્ય પાસાં

વિદ્યાર્થી સ્ટાર્ટઅપ અને સંશોધન નીતિના મુખ્ય પાસાં નીચે મુજબ છે :

**એ.** નીતિના વ્યાપક લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે આ નીતિનો ઉદ્દેશ ૧. વૈચારિક સ્તર, ૨. સંશોધન સ્તર અને ૩. પૂર્વસૂચન સ્તરે હસ્તક્ષેપ અને સહાય કરવાનો છે.

**બી.** આ નીતિને ત્રણ મુખ્ય સ્તરે અમલમાં મૂકવાની છે :

રાજ્ય સરકાર

યુનિવર્સિટીઓ

શૈક્ષણિક સંસ્થાઓ

**સી.** રાજ્ય શિક્ષણ બજેટ, યુનિવર્સિટીઓનાં આંતરિક સંસાધનો, કેન્દ્રીય અને રાજ્ય સહાય વ્યવસ્થા અને CSR ફંડ સહિત ખાનગી ક્ષેત્રનાં સંસાધનોમાંથી નીતિના અમલ અને ઉપયોગનાં સંસાધનો એકત્રિત થાય છે.

**ડી.** પ્રક્રિયામાં સમાવેશ કરવા માટે સામાન્ય સુવિધા અને ભૌગોલિક સંસાધનો, મુશ્કેલ અને સરળ માળખાકીય સંસાધનો, પ્રક્રિયા અને શિક્ષણશાસ્ત્ર સાથે જોડાયેલાં સંસાધનો અને ક્ષેત્રીય પ્રણાલીઓ જેવાં સંસાધનો સર્જવામાં આવશે.

**ઈ.** લક્ષ્યાંકોના સફળ અમલીકરણનું મૂલ્યાંકન ઉત્પાદનને આધારિત સૂચિતાર્થો, ટકાઉ ડિઝાઈન પ્રક્રિયા પર ભાર, સહરચના, વૃદ્ધિ અને યોગ્ય માત્રામાં સહયોગી પગલાં પર આધારિત સ્પર્ધાત્મક પ્રેરણા જેવાં મેટ્રિક્સ (દશાંશ)ની અસરોને ધ્યાનમાં લેતાં કરવામાં આવશે.

**એફ.** શિક્ષણશાસ્ત્રમાં સામેલગીરી, સહ-અભ્યાસક્રમનું સ્તર અને સમુદાય કે ઈકોસિસ્ટમ સંચાલિત સામેલગીરી દ્વારા નીતિનાં વ્યાપક લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં આવશે. બિનશૈક્ષણિક મૂળ તત્ત્વો કે અંશને સામેલ કરવા માટે સામુદાયિક સ્તરે નીતિના સંચાલન અને ઉપયોગ કરવા માટે વૈચારિક સ્તરે, શૈક્ષણિક સંસ્થાના સ્તરે અને યુનિવર્સિટી સ્તરે વગેરે અનેક સ્તરે નીતિ પ્રોત્સાહક બંધારણની રચના કરે છે.

(૧) વૈચારિક સ્તર : એવોર્ડ્સ, વિચારની સાબિતી (proof of concept), પ્રોટોટાઈપિંગ અને IPR સહાય, માર્ગદર્શન સહાય, પૂર્વસૂચન, શૈક્ષણિક ક્રેડિટ્સ અને સમાન લાભો.

(૨) શૈક્ષણિક સંસ્થા સ્તર : નાણા, સંસ્થાકીય મકાન સહાય અને ક્ષમતાનિર્માણ સહાય.

(૩) યુનિવર્સિટી સ્તર : સંશોધન અને પ્રિઈન્ક્યૂબેશન ઇકોસિસ્ટમ બનાવવા માટે સહાય, સંશોધન માટે નાણાકીય સહાય અને અને IPR માટે સહાય કરવી, બાહ્ય સંશોધન અને ઉદ્યોગસાહસિક માળખાગત સુવિધાઓ આપવી, ઉદ્યોગ અને બાહ્ય કુશળતાનાં જોડાણો રચવાં.

(૪) સામુદાયિક સ્તર (ક્લસ્ટર લેવલ) : પ્રશંસા, માન્યતા, સંપર્ક અને શૈક્ષણિક સંસાધનોમાં પ્રવેશ કે સંસાધનોનો માર્ગ.

(૫) શિક્ષણશાસ્ત્રનું સ્તર : મુખ્યત્વે નવી શૈક્ષણિક અને સંલગ્ન પ્રક્રિયા કે નિયમન કે વ્યૂહરચના દ્વારા સંચાલિત યુનિવર્સિટીઓ દ્વારા થતી સામેલગીરી વિદ્યાર્થીઓનાં સંશોધન અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે વધુ અનુકૂળ વાતાવરણ અને સહાયક વ્યવસ્થાનું નિર્માણ કરે છે.

**જી.** આ નીતિ રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર, યુનિવર્સિટી અને ઇકોસિસ્ટમના હિસ્સેદારોની હાલની વિવિધ નીતિઓ, યોજનાઓ અને અન્ય પહેલમાંથી અનુદાનિત અને પૂરક પ્રયત્નોનો લાભ આપે છે.

**એચ.** રાજ્યકક્ષાના તકૂનિકી મંચનું નિર્માણ :

(૧) સ્વતંત્ર પ્રયાસોને સંકલિત અને સુવ્યવસ્થિત કરવા.

(૨) વિદ્યાર્થીઓના વિચારો અને સંશોધનની નોંધણી કરવાની સાથોસાથ અન્વેષકોને સુવિધા પૂરી પાડવા માટે એક એપ્લિકેશન પોર્ટલ બનાવવું.

(૩) આજના સમયમાં નીતિવિષયક નિર્ણયો (KPI) લેવા માટે મુખ્ય પ્રક્રિયા અને ચાવીરૂપ કામગીરી સૂચકો (KPI) ઉપલબ્ધ.

(૪) સહરચના માટે સમાંતર શીખવાની તકો અને સિંગલ પોઈન્ટ એક્સેસ.

(૫) માહિતી અને પ્રવેશની સમાનતા કે સમાવિષ્ટતા.

(૬) ગ્રામ્ય કે પાયાના સ્તરે રહેલી જરૂરિયાતને આધારે ઝડપી ઉપયોગ.

(૭) પહેલની, ઈનિશિએટિવની નકલ ટાળવી.

# ૬. સામેલગીરી

## ૬.૧. રાજ્ય સ્તરે સામેલગીરી

૧. ગુજરાતની સંશોધન અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ ચળવળમાં નેતૃત્વ લેવા માટે સરકારી સ્તરે ઉચ્ચ સ્તરીય નીતિગત આશ્રય. શિક્ષણ વિભાગ તરફથી આવી અને સંલગ્ન પહેલો સુધી ઉચ્ચ સ્તરીય આશ્રય આપવામાં આવે, જેથી 'સંશોધન' સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક બની રહે.
૨. નીતિની જોગવાઈઓને ટેકો આપવા માટે વિદ્યાર્થી ઇનોવેશન ફંડની રચના કરવી.
૩. ઈન્ટર્નશિપ કે ફિલ્ડ એક્સપોઝર અને સ્થાનિક ઉદ્યોગ માટે ઇચ્છુક વિદ્યાર્થીઓ વચ્ચે સેતુ તરીકે કામ કરવા માટે ઉદ્યોગ અને અકાદમી વચ્ચે જોડાણ વિકસાવવું.
૪. રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને એજન્સીઓ સાથે જોડાણ, જેમ કે નાણા, ઉદ્યોગ અને શિક્ષણ, જે સંશોધન અને પ્રિ-સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપે.
૫. વર્તમાન ટેક્નોલોજી બિઝનેસ ઇન્ક્યૂબેટર્સ (ટીબીઆઇ), ઇન્ક્યૂબેશન અને ખાસ પ્રકારની સંસ્થાઓને યુનિવર્સિટી સ્ટાર્ટઅપ સપોર્ટ સિસ્ટમ, કે કાઉન્સિલ ફોર મ્યુચ્યુઅલ લર્નિંગ, કેપેસિટી બિલ્ડિંગ અને સહકાર સાથે જોડાણ કરવું.
૬. કોન્ફરન્સ, વર્કશોપ, ઉજવણીઓ અને અન્ય સામયિક કાર્યક્રમો મારફતે પ્રયાસો અને સફળતાની કથાઓની ઉજવણી કરીને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સ અને સંશોધનની આબોહવાનું નિર્માણ કરવું. વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સને પ્રદર્શિત કરવા અને આવા સ્ટાર્ટઅપ્સને વિકસાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોની દિશાઓનું નિર્માણ કરવું.
૭. યુનિવર્સિટી કેન્દ્રિત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમની શ્રેષ્ઠ પદ્ધતિઓને અહીંની યુનિવર્સિટીઓ દ્વારા સુવિધાજનક માધ્યમમાં કરવામાં આવેલા પ્રયાસો સાથે જોડી આપવી.
૮. સક્ષમ ઉદ્યોગસાહસિક આબોહવાને પ્રોત્સાહન આપવા માટે બાળકો અને યુવાનોની માનસિકતા બદલવા માટે શિક્ષણ દ્વારા પદ્ધતિસરની સવલતો ઊભી કરવી. તમામ શાળાઓ, યુનિવર્સિટીઓ માહિતી અને જોડાણના રાજમાર્ગ બની શકે છે.
૯. જ્ઞાનપ્રાપ્તિના લાભ પ્રાપ્ત કરવા માટે ઉદ્યોગો, ખાનગી ક્ષેત્ર અને અન્ય સંબંધિત સંસ્થાઓ જેવાં બાહ્ય હિતધારકો સાથે જોડાણ સ્થાપવું.
૧૦. સ્થાનિક વિદ્યાર્થીઓ માટે સંશોધનો અને સ્ટાર્ટઅપ્સ માટે વૈશ્વિક અભિવ્યક્તિ મળે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું.

૧૧. ગુજરાતના વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ઇકોસિસ્ટમની શ્રેષ્ઠ પદ્ધતિઓનું દસ્તાવેજીકરણ અને સંકલન કરવું અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તબક્કાઓમાં તેને પ્રદર્શિત કરવા માટેની દિશાઓનું નિર્માણ કરવું.
૧૨. રાજ્ય સ્તર, રાષ્ટ્રીય સ્તર અને વૈશ્વિક સ્તરની નીતિઓ, પહેલો અને અસરો સહિત સ્ટાર્ટઅપના વાતાવરણ પર સતત નજર રાખવી.

## ૬.૨. યુનિવર્સિટી સ્તરે સામેલગીરી

૧. દરેક યુનિવર્સિટીએ વિદ્યાર્થી સંશોધન અને ઉદ્યોગસાહસિકતા માટેની સમિતિના સ્વરૂપમાં મૂળભૂત સુવિધા સ્થાપિત કરવી, સમિતિની સંભાળ રાખવા માટે માનવ સંસાધનોનો ઉપયોગ કરવો, ટૂંકા અને લાંબા ગાળા માટેના કાર્યની રૂપરેખા વિકસાવવા માટે યુનિવર્સિટી સ્તરે આવી સુવિધાના સંકલન માટે વરિષ્ઠ, સક્ષમ સત્તામંડળની નિમણૂક કરવી.
૨. સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા માટે એક્શન પ્લાન અને વ્યૂહરચનાઓ બનાવવી અને તેમને મદદ કરવા માટે પ્રક્રિયાઓ વિકસાવવી. કાર્યક્ષેત્ર અને જગ્યાઓના સમાવેશ સાથે ઇકોસિસ્ટમ અને પ્રક્રિયા સ્ટાર્ટઅપ્સ માટે સંપૂર્ણ અભિગમ હાથ ધરવા અને ટેકો આપવા માટેનું તંત્ર રચવું.
૩. ટૂલ કિટ ડેવલપમેન્ટ જેવા વિદ્યાર્થી સ્ટાર્ટઅપ મેન્યુઅલ્સ મદદગાર જૂથો અને સંસ્થાઓ કે યુનિવર્સિટીઓ માટે મૂળભૂત જરૂરી જરૂરિયાતોનું પાલન કરવામાં મદદરૂપ થશે, જે તેમને સ્ટાર્ટઅપ માટેની ઉત્તમ શૃંખલાઓને સારી રીતે હસ્તગત કરવામાં મદદરૂપ થશે.
૪. વધુમાં વધુ વિદ્યાર્થીઓ સંશોધકો અને ઉદ્યોગસાહસિકો તૈયાર થાય તે માટે તેમને ઓળખવા અને પુરસ્કાર આપવા માટે મુક્ત, યોગ્ય સંશોધન નમૂનાઓ તૈયાર કરવા. સંશોધન અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપને પુરસ્કારો આપવા.
૫. પ્રિ-સીડ ફંડ કે ગ્રાન્ટની વ્યવસ્થા કરીને નમૂનાના સ્તર પરના નવા વિચારોને ટેકો આપવા માટેની સાંકળ બનાવવી.
૬. સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરવું, સંશોધન કઈ રીતે કરવું અને કોલેજમાં સ્ટાર્ટઅપ કેવી રીતે શરૂ કરવું તે અંગે વિદ્યાર્થીઓને અભિવ્યક્તિ મળે તેવા પ્રયત્નો કરવા.
૭. વિવિધ સંશોધન અનુદાન અને અન્ય રીતે વિદ્યાર્થીઓને જરૂરી પડકારોનો સામનો કરવો પડશે. આ પડકારો સ્થાનિક અને વૈશ્વિક મુદ્દાઓ પર આધારિત હશે. યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓને

ઉત્પાદનો, સેવાઓ, ઉકેલોનું નિર્માણ કરવા અને મૂલ્ય સર્જન માટે ઉદ્યોગસાહસિકતામાં રૂપાંતરિત કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાનું રહે છે.

૮. નિયમિત વર્ગશિક્ષણ પછી ગુજરાતની યુનિવર્સિટીઓમાં વર્તમાન માળખાગત સુવિધાઓ, માર્ગદર્શકો, પરીક્ષણ સુવિધા, કાર્યકારી જગ્યા વગેરેનો લાભ લેવા માટે વિદ્યાર્થી સંશોધકો માટે યોગ્ય અને લવચીક (ફ્લેક્ષિબલ) પ્રક્રિયા વિકસાવવી. આ ઉપરાંત વિવિધ આંતરિક અને બાહ્ય હિસ્સેદારો વચ્ચે વિદ્યાર્થીઓ માટે સંપર્કમાં રહેવાની તકોનું નિર્માણ કરવું.

૯. દરેક યુનિવર્સિટી ઓછી ખર્ચાળ સામેલગીરી, મધ્યમ ખર્ચાળ સામેલગીરી અને અન્યની પ્રાથમિકતા ધરાવતા સામેલગીરીને વર્ગીકૃત કરશે અને પ્રાથમિકતા આપશે.

૧૦. એવી પ્રક્રિયાઓ અને વ્યવસ્થાઓનું નિર્માણ કરવું જેથી સુવિધા અને લાભ સરળતા અને સમાનતાને ધોરણે, મેરિટના આધારે વિદ્યાર્થી સંશોધકો અને વૈચારિક સ્તરના સ્ટાર્ટઅપ્સ સુધી પહોંચી શકે. સરકારી કે ખાનગી ક્ષેત્રમાં વર્તમાન સુવિધાઓનો લાભ પ્રાપ્ત કરવામાં સ્ટાર્ટઅપ્સને વિવિધ માળખાગત સુવિધાઓની સહાય આપવી અને વિવિધ માળખાગત સુવિધાઓ પ્રાપ્ત કરવા માટેની પ્રક્રિયા, સમયગાળા અને ખર્ચમાં ઘટાડો થઈ શકે તે માટે સંશોધન કરવું.

### ૬.૩. શૈક્ષણિક સંસ્થાના સ્તરે સામેલગીરી

૧. દર વર્ષે શ્રેષ્ઠ સંશોધન કે પ્રોજેક્ટ્સ પર નજર રાખવી કે જે આગળ વધવાની ક્ષમતા ધરાવે છે.

૨. પ્રોટોટાઇપિંગ કે આઇ.પી.આર. સહાય માટે વર્તમાન ઉપલબ્ધ સંસાધનોને યુનિવર્સિટીઓ કે રાજ્ય સરકાર સાથે સંમિલિત કરવી અને એવાં સંસાધનો સાથે વિદ્યાર્થીઓને જોડવા.

૩. વિદ્યાર્થી પ્રોજેક્ટ્સ માટે મૂળભૂત આઇ.પી.આર. અને નમૂનારૂપ સહાયની રચના કરવી.

૪. સંશોધનપરક વિદ્યાર્થીઓને પોતાના વિચારની ખાતરી થાય તે રીતના વિકાસ માટે વર્તમાન પ્રયોગશાળાઓ અને કાર્યશાળાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી.

૫. કાર્યશાળાઓ, સમારંભો વગેરે જેવી સાનુકૂળ આબોહવાનું નિર્માણ કરતી પ્રવૃત્તિઓનું વારંવાર આયોજન કરવામાં આવે.

૬. વર્તમાન સ્થાનિક ઉદ્યોગસાહસિકોને સામેલ કરવા અને તેમને વિદ્યાર્થીઓ અને સંશોધકો માટેના માર્ગદર્શનની પ્રક્રિયામાં સામેલ કરવા.

૭. મૂળભૂત પ્રિઈન્ક્યૂબેશન સુવિધા સાથેની નાની ડૂ-ઇટ-યોરસેલ્ફ (ડી.આઈ.વાય.) લેબ બનાવવી.

૮. સંસ્થા સ્તરના કાર્યક્રમો અને સાંસ્કૃતિક ઉત્સવો, ટેક ફેસ્ટ વગેરે જેવી પ્રવૃત્તિઓ મારફતે સંશોધકો અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સનું પ્રદર્શન કરવાની સુવિધા કરી આપવી.
૯. સ્ટાર્ટઅપ ઇન્ડિયા યોજના હેઠળ જોગવાઈ કરવામાં આવેલા લાભો અને વિદ્યાર્થી સંશોધકો માટે અન્ય ઉપલબ્ધ લાભ મેળવવામાં સરળતા રહે તે માટે વ્યવસ્થા ગોઠવવી.
૧૦. નિયમિતપણે અભ્યાસેતર પ્રવૃત્તિઓની મારફતે, આ નીતિમાં ભલામણ કરવામાં આવી છે તે મુજબ સંશોધન અને સ્ટાર્ટઅપ્સના એજન્ડાને પ્રોત્સાહન આપવું.

**૬.૪. અભ્યાસના સ્તરે સામેલગીરી**

૧. વ્યાપક સ્તરે ફેલાવા માટે અને વિદ્યાર્થીઓને જરૂરી અભિવ્યક્તિ મળે તે માટે MOOC અને એને સમાન અન્ય વર્ચ્યુઅલ અને મિશ્રિત સામેલગીરી.
૨. વાસ્તવિક રીતે શીખવા, માર્ગદર્શનની તકો દાખલ કરવા માટે શૈક્ષણિક સંકુલ અને બહારના અન્ય રીતે અભિવ્યક્તિ મળે, ઉદ્યોગસાહસિકતા વિકસે તે માટેના અભ્યાસક્રમોને વિકસાવવા.
૩. સ્થાનિક અને અન્ય સહાયકો, વી.સી., ફંડ વગેરે જેવા બાહ્ય ભંડોળ આપતા સ્રોત સાથે જોડાણ કરવું.
૪. યુનિવર્સિટી અને રાજ્ય સ્તરે સ્ટાર્ટઅપ માટેના ઉત્સવો અને અન્ય સમાન તકોનું આયોજન કરવું કે જે યુવા સ્ટાર્ટઅપ્સ અને અન્ય સ્ટાર્ટઅપ સિસ્ટમ્સ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે. જેથી યુવા સ્ટાર્ટઅપ્સ અને અન્ય સ્ટાર્ટઅપ સિસ્ટમ્સ સામાન્ય તબક્કામાં આવી શકે અને તેમને શ્રેષ્ઠ ટેકો મળે, જીત મેળવવાની સ્થિતિનું નિર્માણ થાય.
૫. શૈક્ષણિક સંસ્થા કે યુનિવર્સિટી વિભાગના સ્તરે વિદ્યાર્થીઓ સંશોધન કરી શકે તેવા કેન્દ્રનું નિર્માણ કરવું અને સંકુલ કે સંકુલ બહારની પ્રવૃત્તિઓ સાથે સંકલન સાધીને તેને મુખ્ય શૈક્ષણિક કાર્ય સાથે જોડાણ કરવું.
૬. પ્રિ-સ્ટાર્ટઅપ સપોર્ટ પ્રોસેસ ડેવલપમેન્ટ, જેમાં નવા અભ્યાસક્રમો, કાર્યક્રમો, લર્નિંગ ટૂલ્સ વગેરે મારફતે ઇકોસિસ્ટમમાં આંતરિક અને બાહ્ય હિતધારકોનો સમાવેશ થાય છે.
૭. શૈક્ષણિક સામેલગીરી સાથે સંકળાયેલી યુનિવર્સિટીના સ્તરે, સંસ્થાકીયકરણ તેવી પ્રક્રિયા અર્થે, સહાયરૂપ થવા માટેનું કેન્દ્ર સ્થાપિત કરવું. શૈક્ષણિક અભ્યાસક્રમમાં દિશા તેમજ સ્ટાર્ટઅપ્સની જરૂરિયાતો પૂરી કરવા માટે અભ્યાસક્રમનું પુનઃઆયોજન કરવું અને શિક્ષણક્રમ વિકસાવવો.

૮. ટિન્કરિંગ કે ફેબ લેબ અથવા તો એને સમાન સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉત્પાદનો અને તેનાથી આગળના વિચારોને સમજવામાં મદદરૂપ થાય તે માટે સ્થાપવી.

૯. શિક્ષણ, ઉદ્યોગ અને સરકારી જોડાણોને સંસ્થાગત કરવાં અને દરેક યુનિવર્સિટી આ પ્રમાણે મુખ્ય લક્ષ્યાંકોને સાકાર કરવા માટે કેટલાંક પગલાં લે તે સુનિશ્ચિત કરવું.

૧૦. AICTE અને યુનિવર્સિટી નીતિની વિશેષતાનું પાલન કરતી માર્ગદર્શિકાઓમાં એક અંગ તરીકે સ્ટાર્ટઅપ સ્ટ્રીમ કે ટ્રેક તરીકે દાખલ કરવાં. આને અભ્યાસક્રમની લવચિકતા અને સમાન પદ્ધતિ મારફતે હાંસલ કરી શકાવું જોઈએ. સ્ટાર્ટઅપ ટ્રેકમાં બે-ત્રણ સેમેસ્ટર માટે નિયમિત શૈક્ષણિક પ્રક્રિયા સિવાય વિદ્યાર્થી ઉદ્યોગસાહસિકોને અનુકૂળ વિવિધ સ્નાતક પરિણામો મેળવવાની અનુકૂળતા રહેવી જોઈએ. આ પ્રકારના ગ્રેજ્યુએશનનું પરિણામ યુનિવર્સિટીઓ અથવા સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા તેમની ડિગ્રી એનાયત કરવાની પ્રક્રિયાના આધારે નક્કી કરવામાં આવે. જોકે, એ વિદ્યાર્થીઓના લઘુત્તમ શૈક્ષણિક ધોરણોને આધિન રહેશે.

૧૧. મોટા પાયે વિદ્યાર્થીઓ જોડાય, અભિવ્યક્તિથી લઈને સંશોધનની ડિઝાઇન સુધીના સ્તરે સામેલ થાય તે માટે સંશોધન અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સ સાથે સંબંધિત સહ-અભ્યાસક્રમ અને સમાન પ્રયાસોને સંસ્થાગત બનાવવા અને તેમને સામેલ કરવા માટે યોગ્ય પ્રોત્સાહક વ્યવસ્થા સાથે તેનું જોડાણ કરવું.

૧૨. શહેરની મધ્યમાં અથવા નજીકની યુનિવર્સિટીઓ દ્વારા સમાન સુલભ જાહેર સ્થળોએ વિદ્યાર્થી સંશોધન અને સ્ટાર્ટઅપ્સ માટે કો-વર્કિંગ સ્પેસ, પ્રિઈન્ક્યૂબેશન સ્પેસ, ટિન્કરિંગ લેબ, ડી.આઈ.વાય. લેબ વગેરે જેવા સોફ્ટ અને હાર્ડ માળખાગત સુવિધાઓ સહિત સામાન્ય સંસાધનોનું નિર્માણ કરવું.

૧૩. સરકારની ભંડોળ યોજનાઓ અને યુનિવર્સિટીની સ્વતંત્ર યોજનાઓને સુવ્યવસ્થિત કરીને યુનિવર્સિટી મારફતે વિદ્યાર્થીઓને ઈન્ટેલેક્ચ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ (આઈ.પી.આર.) મળી રહે તે માટે વિકેન્દ્રીકૃત સહાયક વ્યવસ્થા ઊભી કરવી.

૧૪. રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વર્તમાન સરકારી નીતિઓ અને સહાયક યોજનાઓનો પ્રસાર કરવો. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કૌશલ્ય ભારત, ડિજિટલ ઇન્ડિયા, મેક ઈન ઈન્ડિયા વગેરે જેવા અન્ય પ્રયાસોની તકોને ઉકેલવા અને ઉદ્યોગસાહસિકતાપૂર્વક યોગદાન આપવાનો પ્રયાસ કરવા માટે પ્રેરિત કરવા.

૧૫. સામાજિક પડકારોનું સમાધાન કરવા, વંચિત સમુદાય માટે ઉજળી તકો રચવા, અગવડતાયુક્ત વિસ્તાર કે ઋતુ અને સામાજિક ઉદ્યોગસાહસિકો માટે વધુ સારા ઉકેલોનું નિર્માણ કરવા માટે સંશોધકો અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સને વધુ પ્રોત્સાહન આપવું. પોતાનાં સંશોધનો અને સ્ટાર્ટઅપ્સ મારફતે ઘણા

વ્યાપક અને જાહેર ભલાઈ માટે મૂલ્યનું સર્જન કરવા પર લક્ષ્ય કેન્દ્રિત કરતા યુવા સંશોધકો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

૧૬. રાજ્ય, રાષ્ટ્ર અને અન્ય શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની સ્ટાર્ટઅપ પ્રક્રિયાઓને યુનિવર્સિટીઓ દ્વારા શોધવાની જરૂર છે અને તેને સ્થાનિક જરૂરિયાતો, અનુકૂળતાઓ સાથે સંયોજીને સ્થાનિક સંદર્ભમાં પ્રયોજવાની જરૂર છે.

**૬.૫. શૈક્ષણિક સ્તરે સાહસો**

૧. કેમ્પસમાં ચાલતા અભ્યાસક્રમોમાં જોડાયેલા ઉદ્યમી અને સાહસિક વિદ્યાર્થીઓની સહાયતા માટે કે જે વિદ્યાર્થીઓ જ્ઞાન, કૌશલ્ય અને વલણને સમગ્ર રીતે એકીકૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતા હોય. અભ્યાસક્રમની વિષયસામગ્રીનો કેટલોક ભાગ મૂળભૂત કૌશલ્યના ઘડતર, નવીન શોધ તરફના અભિગમ અને સમસ્યાઓ હલ કરવાની ક્ષમતાઓને કેન્દ્રમાં રાખતો હોવો જોઈએ.

૨. પ્રત્યક્ષ પરિસ્થિતિમાંથી શીખી શકાય એવા આશય સાથે યુનિવર્સિટીઓ દ્વારા જીવનના વાસ્તવિક સંપર્કો અને સાંપ્રત સ્થિતિ સાથેની ઉદ્યોગસાહસિકતા (ઍન્ટરપ્રિન્યોરશીપ)ને વિષય તરીકે સ્વીકારવામાં આવશે.

૩. શૈક્ષણિક અભ્યાસક્રમના ભાગરૂપે યુનિવર્સિટી કક્ષાએ, કૉલેજ કક્ષાએ કે બહારનાં ક્ષેત્રોમાં ઉદ્યોગસાહસિકતાના અભ્યાસક્રમો અને કાર્યક્રમો પસંદ કરવાની સુગમતા કે સવલત રહેશે.

૪. ઉદ્યમી વિદ્યાર્થીઓને તેમની કૉલેજના આરંભકાળથી જ ઈનોવેશન અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રક્રિયામાં જોડવા માટે શૈક્ષણિક અભ્યાસક્રમના ભાગરૂપે અથવા તો અભ્યાસેતર પ્રવૃત્તિના ભાગરૂપે વધારે ને વધારે ઉનાળુ અને શિયાળુ સત્રોના આયોજનની ખાસ શૈક્ષણિક વ્યવસ્થા ઊભી કરવા માટે પ્રોત્સાહન આપવું.

૫. સ્ટાર્ટઅપ ઈન્ટર્નશિપ, સામૂહિક કાર્ય, શૈક્ષણિક સંશોધન વગેરે જેવા કાર્યક્રમો દ્વારા વધુ પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવું, જેને કારણે વિદ્યાર્થીઓ નવી શોધ અને ઉદ્યોગસાહસિકતા (ઈનોવેશન અને ઈન્ટર્નશીપ)નાં વ્યવહારુ પાસાંઓ શીખી શકે.

૬. પ્રારંભિક વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપના જ્ઞાન માટે મોટા પાયાના કાર્યક્રમો વેબકાસ્ટિંગ અને અન્ય માધ્યમો દ્વારા વિકસાવવાની જરૂર છે અને તેને વિદ્યાર્થીઓના સેમેસ્ટરના શરૂઆતના તબક્કામાં

જોડવામાં આવે, જેથી તેઓ સાહજિક રીતે જ જોખમ ઊઠાવી શકે અને તેમની આસપાસના પડકારોને હલ કરવા માટેની શોધખોળ માટે પ્રવૃત્ત થાય.

૭. યુનિવર્સિટી અને સંસ્થાઓએ નિયમિત વર્કશોપ, સેમિનાર, હેકાથોન્સ, બૂટ કેમ્પ્સના આયોજન અને એને અનુરૂપ અન્ય પ્રયાસો દ્વારા વિદ્યાર્થીઓને શોધખોળ અને સ્ટાર્ટઅપ તેમજ વિવિધ સ્વતંત્ર કાર્યક્રમોને સંબંધિત એવા યુનિવર્સિટીના સંશોધન અને સાહસિકતા (ઈનોવેશન અને ઈન્ટર્નશીપ)ની પ્રક્રિયાના મુખ્ય પ્રવાહની સાથે સાંકળીને વિદ્યાર્થીઓને કૌશલ્ય અને તકો પૂરા પાડવાના પ્રયત્નો કરવા જોઈએ.

૮. નવી શોધખોળ અને સ્ટાર્ટ અપ માટે કાર્યરત અને યોગ્ય વિદ્યાર્થી પોતાનું કામ કરી શકે અને પ્રકલ્પ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરી શકે તે માટે તેમને ઉચિત માત્રા સુધીની હાજરી કે એના જેવી અન્ય બાબતોમાં છૂટછાટ આપવી જોઈએ.

૯. સંશોધન કે સ્ટાર્ટઅપ્સમાં પ્રવૃત્ત મહિલાઓને સામેલ કરવા માટે તેમને વધારે અને વિશિષ્ટ પ્રોત્સાહન આપવું જોઈએ. દરેક યુનિવર્સિટીએ ગ્રામીણ ક્ષેત્રના અને પ્રતિકૂળ ભૌગોલિક વિસ્તારના વિદ્યાર્થી સંશોધકોની જરૂરિયાતને પહોંચી વળવા માટેના પ્રયાસોને વ્યાપક કરવા જોઈએ.

૧૦. ઉદ્યોગસાહસિકતાની પ્રક્રિયાથી જ્ઞાન મળે અને તેની સમાંતરે જ શૈક્ષણિક સંશોધન થઈ શકે એ બાબતને વિકસાવાની જરૂર છે. સ્થાનિક અને રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ તેમજ સંશોધનની વિસ્મયકારક શોધને સંકલિત કરવાની, એના પર સંશોધન કરવાની અને પ્રકાશિત કરવાની જરૂર છે જેથી જે તે નીતિના ઘડવૈયાઓ, સંશોધકો, સંસ્થાના સ્થાપકો વગેરે તેમના લક્ષ્યાંકો નક્કી કરતી વખતે છેલ્લામાં છેલ્લી દૂરંદેશિતાની નોંધ લઈ શકે.

## ૬.૬. વિદ્યાર્થી સ્ટાર્ટ અપ અને પૂર્વતૈયારી માટેની પ્રવૃત્તિઓ માટે વિદ્યાર્થીઓને સહાય

ઈનોવેશન અને પ્રિઈન્ક્યૂબેશન સ્કીમ ગુજરાતના શિક્ષણજગત ક્ષેત્રે વિદ્યાર્થીઓના સંશોધન અને પ્રારંભિક સ્ટાર્ટ અપ માટેની સહાયકારી વ્યવસ્થાના ક્ષેત્રે લાભદાયી નીવડશે.

આ યોજના યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં હાથ ધરવામાં આવેલી ક્ષમતાનિર્માણની પહેલ કરવા માટે ભંડોળની જોગવાઈ કરશે. વિદ્યાર્થીઓ સંશોધન અને

ઉદ્યોગસાહસિકતા પ્રત્યે સંવેદનશીલ બને, નવા વિચારો, સંશોધનો, આઇ.પી.આર. અને સંલગ્ન કાર્ય માટે ઉદાહરણરૂપ બને તે માટેના ભંડોળની સહાય કરશે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ (એસ.આઈ.એફ.) ૨૦૦ કરોડ રૂપિયાની પાંચ વર્ષના સમયગાળા માટે જોગવાઈ કરશે. એસ.આઈ.એફ. માટેની રૂ.૧૦૦ કરોડની રકમ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ સુધી દર વર્ષે બજેટની જોગવાઈ અનુસાર ફાળવવામાં આવશે. જ્યારે બાકીની રૂ. ૧૦૦ કરોડની રકમ હાલનાં સંસાધનો જેવાં કે યુનિવર્સિટીઓનું આંતરિક બજેટ, કેન્દ્રીય બજેટ, ખાનગી અને સી.એસ.આર. ભંડોળ વગેરે દ્વારા એકત્રિત કરવામાં આવશે. સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ (એસ.આઈ.એફ.)નો ઉપયોગ રાજ્ય સ્તરની રૂપરેખાના આયોજન અને સાથેસાથે સંશોધન અને પૂર્વતૈયારી માટેની સહાયક યોજના માટે કરવામાં આવશે.

**૬.૬.૧. લાભકારી યોજનાઓ**

ઈનોવેશન અને પ્રિઈન્ક્યૂબેશન (સંશોધન અને પૂર્વતૈયારી) સહાયકારી યોજનાના લાભાર્થી નીચે મુજબ છે :

૧. યુનિવર્સિટીઓ : સરકારી યુનિવર્સિટીઓ, સરકારી દ્વારા સહાય મેળવતી યુનિવર્સિટીઓ, ખાનગી યુનિવર્સિટીઓ, વિશિષ્ટ ક્ષેત્રની યુનિવર્સિટીઓ અને ડીમ્ડ યુનિવર્સિટીઓ.
૨. શૈક્ષણિક અને વિદ્યાકીય સંસ્થાઓ : ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાયેલ સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ અને સેલ્ફ ફાઈનાન્સ્ડ શૈક્ષણિક અને વિદ્યાકીય સંસ્થાઓ.
૩. વિદ્યાર્થી કે સંશોધક : માન્ય યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ, સંશોધક વિદ્યાર્થીઓ અને પૂર્વતૈયારીના સ્તરે સ્ટાર્ટઅપ્સને આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

**૬.૬.૨. સહાયક જોગવાઈઓ**

**૧. યુનિવર્સિટીના સ્તરે :**

(અ) યુનિવર્સિટીના સ્તરે શોધ અને ઔદ્યોગિક સાહસિકતા અર્થે વિદ્યાર્થીઓને શોધ અને વૈચારિક કક્ષાના સ્ટાર્ટઅપ માટેની સહાય માટે યોગ્ય અને પ્રશંસાપાત્ર યુનિવર્સિટીઓ દ્વારા જે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોય તેને આધારે પાંચ વર્ષ સુધી ૫ કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવશે.

ઓછામાં ઓછા ૫% વિદ્યાર્થી વાસ્તવિક જગતના પડકારોનો સામનો કરી શકે અને મૂલ્યઘડતર કરી તે માટેની શોધખોળ માટે તૈયાર રહે તે પ્રકારની વ્યૂહરચના અને અમલીકરણ માટે લાભકર્તા યુનિવર્સિટી જવાબદાર રહેશે. (કોષ્ટક એ જોવું).

(સામાન્યતઃ તંત્ર રચવા, પ્રિઈન્ક્યૂબેશન પ્રક્રિયા વિકસાવવા, પ્રણાલી સુધારવા, કાર્યક્ષમતા રચવા, સવલતો ઊભી કરવા, પ્રવૃતિઓ, પ્રસંગો, પરિષદો, ટેક્નોલોજીની ભૂમિકાઓ, મૂક્સ, સંશોધન અને વિકાસ, પ્રકાશન, પારિતોષિક અને પ્રોત્સાહન, પ્રદર્શન  માટે ગ્રાન્ટ વાપરી શકાય.)

નોંધ : રાજયની યુનિવર્સિટીઓ માટે અનુદાન કુલ પ્રોજેક્ટ ખર્ચના ૧૦૦% સુધીનું રહેશે. અનુદાનને બાંધકામ, મકાન અને અન્ય ઉપયોગિતા માટે કરી શકાશે નહિ, પણ તેને જે તે કોલેજના પોતાના માળખા અને સંસાધનોમાંથી મેળવવામાં આવશે. ખાનગી અને સ્વનિર્ભર યુનિવર્સિટીના કિસ્સામાં પ્રોજેક્ટ ખર્ચના ૫૦% સુધીની અને મહત્તમ ૨૦ લાખ સુધીનું અનુદાન વાર્ષિક ધોરણે આપવામાં આવશે. જોકે, તમામ વિદ્યાર્થીઓના કિસ્સામાં પેટન્ટ ફાઇલ કરવા માટે થતા ખર્ચની જોગવાઈ આ ભંડોળમાંથી કરવામાં આવશે અને વિદ્યાર્થીઓએ કોઈ રકમ ચૂકવવાની રહેશે નહીં.

| યુનિ.નો પ્રકાર | યુનિ. સાથે જોડાયેલા કુલ વિદ્યાર્થીઓ | સંભવિત સક્રિય વિદ્યાર્થીની ભાગીદારી | પાંચ વર્ષ માટેનું મહત્તમ અનુદાન (કરોડ રૂ.માં) |
|---|---|---|---|
| ૧ | ૩ લાખ અને ઉપર | ૮૦૦૦ | ૫.૦ |
| ૨ | ૧થી ૩ લાખ | ૬૦૦૦ | ૪.૦ |
| ૩ | ૫૦,૦૦૦થી ૧ લાખ | ૪૦૦૦ | ૩.૦ |
| ૪ | ૫૦,૦૦૦ સુધી | ૨૦૦૦ | ૨.૦ |

(ટેબલ એ)

સક્રિય વિદ્યાર્થી ભાગીદારી એ વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્સને આવરી લેતા યુનિવર્સિટીના સંશોધન અને ઉદ્યોગસાહસિક પ્રયત્નોમાં ખંતપૂર્વક ભાગ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા છે. ઇવેન્ટ્સના કિસ્સામાં, દરેક વિદ્યાર્થીએ વાર્ષિક ૩-૫ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ અને સંશોધન અને સ્ટાર્ટઅપ્સથી સંબંધિત તેમના કૌશલ્યને વિકસિત કરવું જોઈએ. આમાં એવા કેટલાક વિદ્યાર્થીઓનો

પણ સમાવેશ કરવામાં નહિ આવે કે જેઓ તેમના પ્રોજેક્ટ્સ કે સંશોધનકાર્યને સંશોધન કે ઉકેલમાં રૂપાંતરિત કરવા માટે ગંભીર પ્રયત્નો કરી રહ્યા હોય. જો આ બધા વિદ્યાર્થીઓ અંતે સ્ટાર્ટઅપ્સ નહીં બને, તો પણ નિશ્ચિતરૂપે તેઓ સંશોધક અને ઉદ્યમી બનશે.

(બી) યુનિવર્સિટી વિભાગો કે બંધારણીય કોલેજ :

આઇ.પી.આર. અને પ્રોટોટાઇપિંગ માટે નાણાકીય સહાય યુનિવર્સિટી વિભાગ, યુનિવર્સિટીના ઘટકરૂપ કોલેજો અથવા યુનિવર્સિટીના ડોમેન હેઠળ કાર્યરત કોઈપણ વ્યક્તિગત વિદ્યાર્થી સંશોધકને આપવામાં આવશે. સંસ્થાકક્ષાએ સંશોધક માટે દર્શાવેલ સહાય મુજબ પ્રોટોટાઇપિંગ અને પેટન્ટ ફાઇલિંગ માટે દર વર્ષે ૫૦૦ જેટલા વિદ્યાર્થી સંશોધકોને સમર્થન આપવાની વિચારણા કરવામાં આવી છે.

જો કે, નીતિ અવધિ માટે યુનિવર્સિટી કક્ષાની સહાયતાની જોગવાઈ અંદાજે રૂ. ૧૦૦ કરોડ; પ્રિઈન્ક્યૂબેશન ઇકોસિસ્ટમના નિર્માણ માટે રૂ. ૬૦ કરોડ છે, અને પેટન્ટ કરવા અને બિલ્ડિંગ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (પી.ઓ.સી.) માટે રૂ. ૪૦ કરોડ છે.

(યુનિવર્સિટી વિભાગ અને આનુષંગિક કોલેજોના વિદ્યાર્થીઓ આના દ્વારા લાભ લઈ શકે છે. આ પદ્ધતિમાં યુનિવર્સિટી દ્વારા મેરિટના આધારે મહત્તમ સરેરાશ ૧૦ પ્રોજેક્ટ્સને સહાય આપવામાં આવશે.)

**૨. શૈક્ષણિક સંસ્થા સ્તર :**

દર વર્ષે પાત્રતા ધરાવતી મહત્તમ ૪૦ સંસ્થાઓને રૂ. ૪૦ લાખનું વિતરણ કરવામાં આવશે. આ સંસ્થાઓમાં વાર્ષિક ઓછામાં ઓછા ૧૫૦ સક્રિય વિદ્યાર્થીઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ઇન્સ્ટિટ્યૂટ પ્રિઈન્ક્યૂબેશન, પ્રોટોટાઇપિંગ ડેવલપમેન્ટ, પેટન્ટ ફાઇલિંગ, મેન્ટોરિંગ, ઈવેન્ટ્સ, એક્ટિવિટીઝ, કોન્ફરન્સ અને એક્સપોઝર માટે સંસ્થા સહાય વધારી શકે છે. એક વર્ષમાં ગ્રાન્ટ મેળવનારી સંસ્થાઓ આવતા વર્ષ માટે ગ્રાન્ટ પ્રાપ્ત કરી શકે છે અથવા નહીં તે તમેની પ્રવૃત્તિઓને આધારે નક્કી થશે. સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓ રૂ. દર વર્ષે ૨૦ લાખ અથવા પ્રોજેક્ટ ખર્ચનો ૫૦ ટકા હિસ્સો, એમાંથી જે કંઈ ઓછું હોય તે પ્રાપ્ત કરી શકશે. તો જ રકમ પૂરી પાડવામાં આવશે જો તેમને યુનિવર્સિટી તરફથી કોઈ સહાય ન મળી હોય તો.

આથી, નીતિ અવધિ માટે સંસ્થા સ્તરે સહાયતાની જોગવાઈ રૂ. ૮૦ કરોડ રહેશે.

**૩. રાજ્ય કક્ષા :**

IPIESના અમલ માટે રાજ્ય કક્ષાની એજન્સીની રચના કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. એમ.આઈ.એસ. પ્લેટફોર્મ, એવોર્ડ, એચ.આર., પ્રદર્શન, સેમિનાર, ક્ષમતા નિર્માણ, સ્ટાર્ટઅપ ઉજવણી, રોડ શો, પ્રકાશન અને વિસ્તરણ માટેની સહાયની જોગવાઈ આ મથાળા હેઠળ કરવામાં આવશે.

આ રાજ્ય કક્ષાની સામેલગીરી હેઠળ રાજ્ય કક્ષાના સામાન્ય સંસાધન કેન્દ્રની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

રાજ્ય કક્ષાએથી કુલ રૂ. ૨૦ કરોડ સુધીના સમર્થનની જોગવાઈ થયેલી છે.

**૬.૬.૩. સહાયનું ક્ષેત્ર**

૧. યુનિવર્સિટીઓ :

આ યોજના હેઠળ કોઈ પણ ગ્રાન્ટ મેળવનાર યુનિવર્સિટીઓ ગ્રાન્ટનો ઉપયોગ નીચે મુજબ કરી શકશે :

(એ). ગ્રાન્ટનો ઉપયોગ નાગરિક કામો, ભવનનિર્માણ અને ઉપયોગિતાઓ માટે કરી શકાતી નથી, એ જે યુનિવર્સિટી દ્વારા તેના પોતાના ભંડોળ દ્વારા આપવામાં આવશે. યુનિવર્સિટી પોતાના વતર્માન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અથવા સંસાધનોનો ઉપયોગ કરી શકે છે.

(બી). ગ્રાન્ટનો ઉપયોગ ઈકોસિસ્ટમ વિકસાવવા, સંસ્થાકીય મિકેનિઝમ વિકસાવવા, પ્રિઈન્ક્યૂબેશન પ્રક્રિયાઓ વિકસાવવા, સપોર્ટ સિસ્ટમ્સ, કો-વર્કિંગ સ્પેસ, ફેબ સુવિધાઓ, પ્રવૃત્તિઓ, ઈવેન્ટ્સ, સિમ્પોઝિયમ, સામેલગીરી, જાગૃતિ માટેના કાર્યક્રમો, ટેક્નોલોજી પ્લેટફોર્મ્સ, MOOC, સંશોધન અને વિકાસ માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાશે. સંશોધન અને ઉદ્યોગસાહસિકતા, પ્રકાશન, પુરસ્કારો અને માન્યતા, એક્સપોઝર, કરારના આધારે માનવ સંસાધનો સહિતના ઓપરેશનલ ખર્ચ અને સંલગ્ન ખર્ચથી સંબંધિત રહેશે.

- કો-વર્કિંગ સ્પેસ : કો-વર્કિંગ સ્પેસ એ સામાન્ય સોફ્ટ અને હાર્ડ માળખાગત સંયોજન છે જે વિદ્યાર્થીઓ કે સંશોધકો અને વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સ માટે મૂળભૂત સુવિધાઓ, જેવી કે ડિજિટલ ટૂલ્સ, બેસવાની અને કાર્ય કરવાની જગ્યા વગેરે માટે સારી સુલભ જગ્યાએ ઉપલબ્ધ હોય.

સામાન્ય રીતે આવી જગ્યા પ્રારંભિક તબક્કાના વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સ માટે છે જે સામાન્યતઃ તેમના ઓપરેશનના શરૂઆતના દિવસોમાં સંશોધન અને પ્રારંભિક પ્રવૃત્તિઓ કરવા માટે સ્વતંત્ર ભાડાની જગ્યા રોકી શકતા નથી. આવી સહકારી જગ્યાઓ એક નવી વિંડો દ્વારા સંશોધન અને ઉદ્યોગસાહસિકતા સંબંધિત પ્રવૃત્તિઓ, માર્ગદર્શકો, નિષ્ણાતો વગેરેને પ્રાપ્ત કરી શકે છે.

- ફેબ લેબ : ફેબ લેબ (ફેબ્રિકેશન લેબોરેટરી) એ એક નાના પાયાનું કાર્યક્ષેત્ર છે, જે વ્યક્તિગત ડિજિટલ ફેબ્રિકેશન અને અન્ય સહાય આપે છે. સામાન્ય રીતે જ્યારે કોઈ વિદ્યાર્થી કે સંશોધક કોઈ વિચાર કે કલ્પના કરે છે અને પોતાની વિભાવનાનો પ્રારંભિક પૂરાવો સાબિત કરવા માગે છે ત્યારે આવા વર્કશોપ એવું રૂપાંતર કરવા માટે જરૂરી છે. આવી સુવિધામાં જે મોટા ભાગનાં ઉપકરણો ઉપલબ્ધ હોય તે વિદ્યાર્થીઓ કે સંશોધકો પ્રથમ વખત વાપરે તો આસાનીથી વાપરી શકાય તેવાં હોવાં જોઈએ.

- MOOCs : મોટા પાયે ઓનલાઈન અભ્યાસક્રમનો હેતુ ટેક્નોલોજીના પ્લેટફોર્મ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણના અભ્યાસક્રમને વર્ચ્યુઅલ રીતે પહોંચાડવાનો છે અને સહભાગીઓ તેમના પોતાના સ્થળને ધ્યાનમાં લીધા વિના આવા અભ્યાસક્રમોનો લાભ મેળવવામાં સક્ષમ બને છે. MOOCs અને શિક્ષણની પદ્ધતિના સંયોજનથી દૂરદૂરનાં સ્થળો પરના પરાશકર્તાઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદ મેળવે છે.

- યુનિવર્સિટીમાં પ્રિઈન્ક્યૂબેશન સુવિધા : પ્રિઈન્ક્યૂબેશન સુવિધા સામેલગીરી અને સામાન્ય સુવિધાઓ પૂરી પાડે છે કે જે અભિવ્યક્તિક્ષમ બનાવે છે, એક પ્રકારની આબોહવા રચે છે અને પ્રારંભિક તબક્કે વિચારો અને સંશોધનોને સમર્થન આપે છે. વિદ્યાર્થીઓ સુધી પહોંચવા, સર્જનાત્મકતા માટે અનુકૂળ વાતાવરણ રચવા માટે મોટા પાયે સાક્ષરતા કાર્યક્રમો જેવી વિવિધ પ્રવૃત્તિઓને એ આવરી લે છે. આ પ્રકારની સુવિધા એ સંલગ્ન ઈકોસિસ્ટમ્સમાં વિદ્યાર્થી સંશોધનોની જરૂરિયાતને પૂરી કરવા, ડિઝાઈન રચવા, વિચારસરણી જેવી કલ્પનાઓને સાકાર કરવા માટેનું લક્ષ્ય ધરાવે છે. સાથેસાથે આદર્શરૂપ સહાય, સમસ્યાઓ હલ કરવાની કુશળતા, શિક્ષણશાસ્ત્ર, શૈક્ષણિક અને અન્ય કૌશલ્ય વિકસાવવામાં એ મદદરૂપ થાય છે. યુનિવર્સિટીમાં પ્રિઈન્ક્યૂબેશન સુવિધા અનુગામી તબક્કામાં સંશોધનો માટે વિકસિત થવા માટે એક મજબૂત ધારાધોરણ બનાવે છે. તે યુનિવર્સિટી તંત્રની આજુબાજુના તમામ ઈકોસિસ્ટમ બિલ્ડિંગના માપદંડોનો આધાર પણ બને છે.

(સી). યુનિવર્સિટીઓના વિભાગ કે આનુષંગિક સંસ્થામાં નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે પેટન્ટ અને પ્રોટોટાઇપ અનુદાનની પણ સુવિધા આપશે.

(ડી). યુનિવર્સિટી સંશોધન અને ઉદ્યોગસાહસિકતા સંબંધિત કાર્યો માટે પહેલેથી બનાવેલ વિશિષ્ટ હેતુ વાહન (એસ.પી.વી.) એકમ અથવા યુનિવર્સિટીના કોઈ પણ અન્ય ક્ષેત્ર કે વિભાગને અનુદાનની ફાળવણી કરી શકે છે.

૨. શૈક્ષણિક સંસ્થાઓ :

આ યોજના હેઠળ ગ્રાન્ટ પ્રાપ્ત કરતી વિદ્યાકીય અને શૈક્ષણિક સંસ્થાઓ તેનો ઉપયોગ તેમની સંસ્થાઓમાં કાર્યરત વિદ્યાર્થી સ્ટાર્ટઅપ્સ માટે નીચે મુજબ કરી શકે છે :

(એ) પ્રોટોટાઇપિંગ સપોર્ટ : કુલ વાર્ષિક અનુદાન રૂ. ૨૦ લાખ સંસ્થા દીઠ સરેરાશ ૧૦ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (પીઓસી) કે મિનિમય વાયેબલ પ્રોટોટાઇપ્સ (એમવીપી) બનાવવા માટે મહત્તમ આવા ૨૫ આઈડિયા સુધી આપવામાં આવશે. સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓ પીઓસી માટેના ૫૦% ખર્ચ અથવા રૂ. ૧૦ લાખ એમાંથી જે ઓછું હોય તે પ્રાપ્ત કરી શકશે.

(બી) પેટન્ટ સપોર્ટ : પેટન્ટ ફાઇલ કરવા માટે કરવામાં આવતા ખર્ચની જોગવાઈ આ ભંડોળમાંથી કરવામાં આવે છે અને વિદ્યાર્થીએ કોઈ રકમ ચૂકવવાની જરૂર રહેતી નથી. આ હેતુ માટે વાર્ષિક ૧૦ રાષ્ટ્રીય પેટન્ટ ફાઇલ કરવા માટે રૂ. ૨.૫ લાખ અને આંતરરાષ્ટ્રીય પેટન્ટ ફાઇલ કરવા માટે રૂ. ૨.૫ લાખ ફાળવવાની જોગવાઈ છે.

(સી). પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, માર્ગદર્શન, સંસ્થા સ્તરની સામાન્ય સુવિધા વગેરે : સંશોધન અને ઉદ્યોગસાહસિકતા સંબંધિત કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, દસ્તાવેજીકરણ, પ્રસારણ, પ્રિઈન્ક્યૂબેશન સુવિધાની રચના, પરિષદો, સમારંભો, પ્રારંભિક અને સંશોધનના શૈક્ષણિક અભ્યાસક્રમો, ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો, અન્ય શિક્ષણશાસ્ત્ર અને શૈક્ષણિક સામેલગીરી અને અન્ય ઓપરેશનલ ખર્ચ માટે સંસ્થા દીઠ વાર્ષિક ૧૫ લાખ ફાળવવાની જોગવાઈ છે. સેલ્ફ-ફાઇનાન્સ સંસ્થાઓ આ પ્રવૃત્તિઓ માટેના ૫૦% ખર્ચની રકમ સંદર્ભે વાર્ષિક રૂ. ૭.૫ લાખ સુધી ચૂકવવા પાત્ર છે.

**૬.૬.૪. પ્રક્રિયા**

૧. પાત્રતા :

(એ) યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર બનવા માટે, (૧) યુનિવર્સિટી અથવા શૈક્ષણિક સંસ્થા ગુજરાતમાં હોવી જોઈએ, (૨) આધારિત માન્યતા પ્રાપ્ત સરકારી એજન્સી અથવા ગુજરાતની માન્ય યુનિવર્સિટી દ્વારા માન્ય કે સંલગ્ન હોવી જોઈએ, (૩) સંશોધનને લગતા નક્કર પ્રયાસો કર્યા હોય અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં નોંધપાત્ર ઉદ્યમવૃત્તિ અથવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીના લક્ષ્યો તરફ ભાગ લેવાની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવી હોય તો.

(બ) નીતિ અમલીકરણ સમિતિ અથવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસીની સ્ટેટ ડિપ્લોયમેન્ટ એજન્સી યોગ્યતાના આધારે દરેક અરજીનું મૂલ્યાંકન કરશે અને સંબંધિત એજન્સી દ્વારા નિર્ધારિત માપદંડ મુજબ યોજનાના લાભાર્થી તરીકે સૌથી વધુ યોગ્યતા ધરાવનારની પસંદગી કરવામાં આવશે.

૨. અરજીની પ્રક્રિયા અને મૂલ્યાંકન :

(એ) અરજીની પ્રક્રિયા : રાજ્ય સરકાર અરજીના વિવિધ ધારાધોરણો અને બંધારણો સાથે નીતિના સમયગાળાને સૂચિત કરશે. દરેક સંભવિત લાભાર્થી સંસ્થા કે યુનિવર્સિટીએ નીતિ અમલીકરણ સમિતિ કે રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરેલાં માધ્યમો દ્વારા વિગતવાર એક્શન એજન્ડા, સમયરેખા, પરિણમન સાથેની સૂચના સહિતની અરજી કરવાની રહેશે.

(બી) મૂલ્યાંકન : નીતિ અમલીકરણ સમિતિ દ્વારા નિયુક્ત નિષ્ણાત તક્નિકી સમિતિ, દ્વિ-માસિક પ્રાપ્ત અરજીઓની તપાસ કરશે અને પાત્ર અને પસંદ કરેલા સંગઠનોને રાજ્ય કક્ષાએ ઔપચારિક રજૂઆત માટે આમંત્રિત કરશે.

(સી) પ્રોટોટાઇપિંગ અને પેટન્ટ સપોર્ટ : જેના માટે ગ્રાન્ટ માગવામાં આવી હોય તે સંદર્ભે વિદ્યાકીય અને શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રોટોટાઇપિંગ અને પેટન્ટ સપોર્ટ ગ્રાન્ટના કિસ્સામાં, લાભકર્તા સંસ્થા પ્રોજેક્ટ્સ કે પ્રિઇંક્વેટેડ સ્ટાર્ટઅપ્સ કે ઈનોવેશનની સૂક્ષ્મ વિગતો રજૂ કરવાની રહેશે.

## ૭. રાજ્ય સ્તરના લક્ષ્યાંકો

નીતિ માટેનાં રાજ્ય સ્તરના એજન્ડા સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ દ્વારા આયોજિત કરવામાં આવશે, જેમાં નીચેના એક્શન એજન્ડા સામેલ હશે :

- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીના અમલ માટે રાજ્ય કક્ષાની એજન્સીની રચના.
- રાજ્ય કક્ષાનાં સામાન્ય સંસાધન કેન્દ્રો બનાવવાં : નીતિ અમલીકરણ સમિતિ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓને અને તાજેતરના સ્નાતકોને તેમના વિચારો અને સંશોધનોને આકાર આપવા માટે, સહાય મેળવવા માટે, મદદ કરવા માટે નીતિ અમલીકરણ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલા મોટી વસ્તી ધરાવતા કેન્દ્ર પર સામાન્ય સંશોધન કે પ્રારંભિક સહાયક તંત્ર ઉપલબ્ધ કરવામાં આવશે. વિવિધ પ્રારંભિક ઈકોસિસ્ટમ્સ દ્વારા તમામ સામાન્ય સુવિધાઓ આવા રાજ્ય સ્તરના સામાન્ય સંસાધન કેન્દ્રમાં એકસાથે ઉપલબ્ધ કરવામાં આવશે, જેમાં લાભાર્થીઓની લેવડદેવડનો ખર્ચ ઘટાડવો, યુવા સંશોધકો કે ઉદ્યોગસાહસિકોને યુનિવર્સિટીઓ કે સંસ્થાઓ અનુલક્ષીને સહ-સર્જન કરવાની મંજૂરી આપવી.
- રાજ્ય સ્તરની સંશોધન અને પ્રિઈન્ક્યૂબેશન ઈકોસિસ્ટમ બિલ્ડિંગની વ્યાપકતા.
- વાર્ષિક તહેવારો, પ્રદર્શનો, સિમ્પોઝિયમ, એવોર્ડ, પ્રદર્શન વગેરે.
- મેક્રો લેવલ અને સામાન્ય સ્રોતની ક્ષમતાનું નિર્માણ
- મોટા પાયે જાગૃતિ કાર્યક્રમો, જેવા કે સ્ટાર્ટઅપ MOOCs, રોડ શો વગેરેનું આયોજન.
- વૈશ્વિક અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ વ્યવહારનું સંયોજન અને વિસ્તરણ.
- માનવ સંસાધન અને લોજિસ્ટિક્સ સહિત ઓપરેશનલ ખર્ચનું આયોજન.
- રાજ્ય કક્ષાનાં સંશોધન અને ઉદ્યોગસાહસિક સંશોધન, દસ્તાવેજીકરણ, પ્રકાશન, પ્રસાર.
- અગ્રણી ઉદ્યોગો સાથે ઈન્ટર્નશિપ પ્રોગ્રામનું ઉચ્ચતમ ધોરણ સ્થાપવું.
- આઇ.પી.આર. કે પેટન્ટ ભરવા માટે ૧૦૦% ભંડોળ આપવાની ઘોષણા.
- ટેક્નોલોજી કે એમ.આઈ.એસ. પ્લેટફોર્મ કે પોર્ટલનો વિકાસ.

## ૮. મૂલ્યાંકન અને પરીક્ષણ

- ઓનલાઈન વેબ પોર્ટલ વાસ્તવિક સમયમાં દરેક લક્ષ્યોને મોનિટર કરવા માટે તમામ હિસ્સેદારોને એકીકૃત કરશે. સુયોજિત કેપીઆઈને ધ્યાનમાં રાખીને મુખ્ય લક્ષ્યોની પ્રગતિના આંકને સમયાંતરે જાહેરમાં પ્રગટ કરવામાં આવશે.
- શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળની નીતિ અમલીકરણ સમિતિ નીતિના ઉદ્દેશોની સમીક્ષા કરશે અને તેનું અમલીકરણ યુનિવર્સિટીઓમાંની તક્નિકી કે નિષ્ણાત સમિતિ જે તે સંબંધિત યુનિવર્સિટીને તેના લક્ષ્યોની સરળ રીતે સ્થાપના માટે સલાહ આપશે.
- યુનિવર્સિટીઓ અને સંસ્થાનોની યોજનાના લાભાર્થીઓ અર્ધવાર્ષિક પ્રગતિ અને પ્રભાવ અંગેનો અહેવાલ રજૂ કરશે. દરેક યુનિવર્સિટી, એ જો ગ્રાન્ટ મેળવતી હોય તો શરૂઆતમાં તે કામચલાઉ યોજના રજૂ કરશે.
- જો કોઈ લાભાર્થી વાર્ષિક સમીક્ષાઓ દ્વારા ઇચ્છિત પરિણામો સિદ્ધ અસમર્થ જોવા મળશે, તો તેના માટે તે પછીની આપવામાં આવતી વધુ ગ્રાન્ટ પર પુનર્વિચારણા કરવામાં આવશે.
- IPIESની સામેલગીરીનો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કરવામાં આવશે અને જાહેર ક્ષેત્રના તમામ હિસ્સેદારો સાથે તેને વહેંચવામાં આવશે.

(અંજુ શર્મા)
અગ્રસચિવ
(ઉચ્ચતર અને તક્નિકી શિક્ષણ)
ગુજરાત રાજ્ય.

પ્રતિ,

૧.માનનીય ગવર્નરશ્રીના અગ્રસચિવ, રાજભવન, ગાંધીનગર.

૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી.

૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.

૪. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.

૫. માનનીય મંત્રીશ્રીઓના અંગતસચિવ.

૬. વિરોધપક્ષના નેતાના અંગતસચિવ, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

૭. મુખ્ય સચિવના ઉપસચિવ, ગુજરાત સરકાર.

૮. માનનીય હાઈકોર્ટના રજિસ્ટ્રાર, અમદાવાદ.

૯. સચિવ, ગુજરાત વિજિલન્સ કમિશન, ગાંધીનગર.

૧૦. સચિવ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, ગાંધીનગર.

૧૧. સચિવ, ગુજરાત લેજિસ્લેશ્વર સેક્રેટરિએટ, ગાંધીનગર.

૧૨. સચિવ, ગુજરાત સિવિલ સર્વિસ ટ્રિબ્યૂનલ, ગાંધીનગર.

૧૩. રાજ્યની તમામ યુનિવર્સિટીના કુલપતિઓ અને ઉપકુલપતિઓ.

૧૪. તમામ વહીવટી વિભાગો.

૧૫. તમામ વિભાગના વડાઓ.

૧૬. તમામ કલેક્ટર્સ.

૧૭. એકાઉન્ટ જનરલ (એ એન્ડ ઈ), ગુજરાત, પોસ્ટ બોક્સ નં. ૨૨૦૧, રાજકોટ.

૧૮. એકાઉન્ટ જનરલ (એ એન્ડ ઈ), ગુજરાત, અમદાવાદ શાખા, અમદાવાદ.

૧૯. એકાઉન્ટ જનરલ (ઓડિટ-૧), ગુજરાત, એમ.એસ. બિલ્ડિંગ, અમદાવાદ.

૨૦. ડિરેક્ટર, એકાઉન્ટ એન્ડ ટ્રેઝરીઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨૧. પે એન્ડ એકાઉન્ટ ઓફીસીઝ, અમદાવાદ/ગાંધીનગર.

૨૨. તમામ જિલ્લાની ટ્રેઝરી ઓફીસીઝ.

૨૩. રેસિડેન્ટ ઓડિટ ઓફીસર, અમદાવાદ/ગાંધીનગર.

૨૪. પસંદગીની ફાઈલ